## બાર
# પરિક્રમાના પથ પર

શ્રીરામને માર્ગદર્શક શક્તિએ થોડા વર્ષ માટે છૂટ આપી દીધી હતી કે સવાર સાંજના સંધ્યા પૂજા પાઠ કરતા સમયે જેટલા પણ સંભવી શકે તેટલા જપ કરી લેવામાં આવે. આ છૂટ માત્ર ભારતની આઝાદી મેળવવા માટે ચલાવવામાં આવી રહેલ આંદોલનને ધ્યાનમાં રાખી આપવામાં આવી હતી. બન્ને સમયે જેટલા પણ જપ કરી શકાય તેટલા કરી લીધા પછી બાકીની સંખ્યા દિવસ દરમ્યાન કોઈપણ સમયે પૂરા કરી લેવામાં આવે. જે દિવસે આ સંખ્યા પૂરી ન કરી શકાય તે જપ પછીના દિવસોમાં કરી શકાય. આ અવરોધના કારણે લાગતા દોષનું પરિમાર્જન તેમણે જાતે જ કરતા રહેવાનું વચન આપ્યું હતું. બરોદા ગામમાં રાખવામાં આવેલ યજ્ઞનો પ્રભાવ તરત જ જોવા મળ્યો. લોકોએ મહેસુલ ન આપવા લીધેલી પ્રતિજ્ઞા નિભાવવાનો આરંભ કરી દીધો. શ્રીરામે યજ્ઞ સમયે કહ્યું હતું કે અન્ય અવસર પર આમ તો લોકો કરેલી વાત ભૂલી જાય છે, પરંતુ પવિત્ર વાતાવરણમાં લેવામાં આવેલ પ્રતિજ્ઞા કોઈપણ ભોગે નિભાવે છે.

યજ્ઞ પૂરો થયાના બીજા જ દિવસની આ વાત છે. એ દિવસે શ્રીરામ આગ્રામાં હતા. સવારે સંધ્યાપૂજન, જપ અને ધ્યાનમાંથી નિવૃત્ત થયા પછી વિસર્જન વગેરેની પ્રક્રિયા પૂરી કરવા માટે હજી તો તેનો આરંભ જ કરવા જઈ રહ્યા હતા, ત્યાં અંતઃકરણમાં સ્ફુરણા જાગી, ચાલો ગોવર્ધનના દર્શન કરવા. એ ક્ષણે એવું લાગ્યું કે તેમને ત્યાંથી કોઈ બોલાવી રહ્યું છે. જપ પૂરા કરી ધ્યાનમાંથી ઉઠતાં જ તેમણે પોતાના સહયોગી મહાવીર સહાયને બતાવ્યું કે હું કેટલાક દિવસ માટે બહાર જઈ રહ્યો છું. નિશ્ચિત દિવસો બતાવવા મુશ્કેલ હતા, છતાં પણ ઓછામાં ઓછા છ સાત દિવસ લાગી જાય. પાછા ફર્યા બાદ તરત નવેસરથી કાર્યક્રમનો આરંભ કરી દેવાશે.

મહાવીર સહાયે તેમને એ ન પૂછ્યું કે તેઓ ક્યાં જઈ રહ્યા છે? તેઓ પૂછવા તો જરૂર ઈચ્છતા હતા, પરંતુ તેઓ પોતાની જીભ વડે એક પણ શબ્દ ઉચ્ચારી ન શક્યા, કંઈ પૂછી પણ ન શક્યા. એ સમયે શ્રીરામનું મુખારવિંદ તામ્રવર્ણનું બની ગયું હતું. સાધનાના સમયે તેમનું મુખારવિંદ સોનાની જેમ ચમકી રહ્યું હતું. આ તેજને જોઈ મહાવીર સહાયથી એક પણ પ્રશ્ન ન પૂછી શકાયો. શ્રીરામે ગોવર્ધન જવા તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી. આ તૈયારીમાં કોઈ સામાન એકઠો કરવાનો ન હતો. બે થેલામાં એક બે જોડી કપડાં, થોડા

પુસ્તકો અને પૂજાપાઠની સામગ્રી ભરી દીધી, પછી તેને પોતાના ખભા પર લટકાવી દઈ ગોવર્ધન તરફ જવા ચાલી નિકળ્યા. મહાવીર સહાય એકાદ ફલાંગ સુધી તેમની પાછળ પાછળ ચાલતા રહ્યા. હજી પોતાના મહોલ્લાની શેરી જ પસાર કરી હતી; અચાનક શ્રીરામ ત્યાં જ ઉભા રહી ગયા અને મહાવીરને પાછા મોકલી આપ્યા.શ્રીરામે તેમને કહ્યું ''તું હવે ઘર તરફ જા. હું અહીંથી ધીરે ધીરે ચાલ્યો જઈશ. તૂં હવે છાપખાનામાં જઈ પોતાના કામ પર ધ્યાન આપ. મને પાછા ફરતાં ઓછામાં ઓછું એક અઠવાડિયું લાગી જશે. ત્યાંથી પાછા ફર્યા પછી ઘણું બધુ કામ કરવાનું છે.'' આટલું કહેતાં કહેતાં શ્રીરામ થોડા સમય માટે થોભી ગયા. મહાવીર સહાયે એ દરમ્યાન પોતાની જાતને સંભાળી લીધી. એમ કહી શકાય કે હિંમત કેળવી લીધી. તેમણે પછી શ્રીરામને પૂછી જ લીધું, કે અચાનક આમ એકાએક આપે ગોવર્ધન જવાનું શા માટે નક્કી કરી નાખ્યું?

શ્રીરામે એ પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે ''અત્યાર સુધી હું એ પ્રશ્નનો જવાબ શોધી શક્યો નથી. બસ એટલું જ લાગી રહ્યું છે કે મને કોઈ એ તરફ ખેંચી રહ્યું છે. એ તરફ શા માટે જવાનું થઈ રહ્યું છે, એ હું તને પાછા આવ્યા બાદ જણાવીશ.'' આટલું કહી તેમણે મહાવીર સહાયના બીજા પ્રશ્નનો યા પ્રતિક્રિયાનો વિચાર કર્યા વગર પોતાનો રસ્તો પકડ્યો. એની તરફ મોઢું ફેરવીને જોયું પણ નહીં.

શ્રીરામની ગોવર્ધન તરફની એ યાત્રા ખરેખર અદ્‌ભુત અને વિલક્ષણ જ હતી. તેઓ એ તરફ પોતાની ઈચ્છાથી ડગ માંડી રહ્યા ન હતા, બલ્કે કોઈના બોલાવવાથી યા પ્રેરિત કરવાથી ત્યાં જવા ચાલી નિકળ્યા હતા. તેઓ મથુરા એક ક્ષણવાર માટે પણ ન રોકાયા અને એ સ્થળે પણ ન ગયા કે જ્યાં થોડા વર્ષ પહેલાં એક બગીચામાં તેઓ ઉતર્યા હતા અને જ્યાં તેમણે ગાયત્રી માતાની મૂર્તિ જોઈ હતી. તેઓ રસ્તામાં ઘોડાગાડી કે બીજું જે કંઈ પણ મુસાફરીનું સાધન મળ્યું તેની સહાય લઈ તેઓ સીધા જ ગોવર્ધન પહોંચી ગયા. તેમને ત્યાં પહોંચવાની ખૂબ જ તાલાવેલી હતી, અધિરાઈ આવી ગઈ હતી. પાણી પીવા માટે રસ્તામાં કદાચ જ ક્યાંય રોકાયા હોય. તેઓ સતત ગોવર્ધન પહોંચવાની ઉતાવળમાં રહ્યા. જો કે આ પહેલાં તેઓને ક્યારે પણ ગોવર્ધન તરફ જવાનો પ્રસંગ સાંપડ્યો ન હતો. છતાં પણ તેમને રસ્તામાં એવો જરા પણ અનુભવ ન થયો કે તેઓ કોઈ અજાણ્યા સ્થળે જવા મુસાફરી કરી રહ્યા છે. બધુ જ પોતાનું જાણીતું હોય એવો આભાસ થઈ રહ્યો હતો અને સર્વસ્વ પોતાનું જ પ્રતીત થઈ રહ્યું હતું.

જેમ જેમ તેઓ ગોવર્ધન તરફ ડગ માંડતા ગયા તેમ તેમ તેમના માટે ત્યાં પથરાયેલ દરેક ચીજ વસ્તુઓ પ્રત્યે પોતાનાપણું વધુ પ્રગાઢ બનતું ગયું. લગભગ સાડા સાત કિલોમીટર સુધી ફેલાયેલો અથવા પથારો પાથરી પડેલો ગોવર્ધન માત્ર કહેવા પૂરતો જ પહાડ છે. આકાર તથા પ્રકારમાં એક નાનકડી પહાડની ટેકરી અથવા દૂર સુધી ફેલાયેલ વિશાળ ટેકરો જ દેખાય છે. તેની ઉંચાઈ ખાસ કંઈ વધારે નથી. ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા તેને આંગળી પર ઉઠાવી લેવો અને ઇંદ્રના પ્રકોપથી વ્રજના લોકોને બચાવી લેવાના પૌરાણિક પ્રસંગમાં તેને પ્રતિષ્ઠા આપવામાં આવી છે. તેના એકવીસ કિલોમીટર જેટલા લાંબા પહોળા ઘેરાવાની પરિક્રમા કરવા હજારો લોકો વિશાળ સંખ્યામાં વિશેષ વાર તહેવારો પર અહીં ઉમટી પડે છે. સામાન્ય દિવસોમાં પણ લોકો પરિક્રમા કરતા જ રહે છે.

શ્રીરામ જ્યારે પરિક્રમાના માર્ગ પર આવી પહોંચ્યા ત્યારે; અહીં આવી જોયું તો તેમની નજર ગયાપ્રસાદ દંડવતી નામના એક યુવાન સાધક પર પડી. તેઓ ગોવર્ધનની પરિક્રમા કરતા હોય એમ જણાયું. એમની પરિક્રમા કરવાની રીત અદ્‌ભુત, અનોખી હતી. એક જ જગ્યાએ તેઓ વારંવાર દંડવત પ્રણામ કરતા રહેતા. ચારપાંચ લોકો તેમની સાથે પગપાળા ચાલી રહ્યા હતા અને તેમની સાથે ડગ માંડી તેમને સહકાર આપી રહ્યા હતા. એમાંથી એક સાથીદારે બતાવ્યું કે ગયાપ્રસાદજી રસભાવના ઉપાસક છે. તેઓ એક જ જગ્યાએ એકસો આઠ વાર દંડવત પ્રણામ કરે છે, ત્યારબાદ જ તેઓ આગળ વધે છે. આ રીતે તેમની એકવીસ દિવસ બાદ પરિક્રમા પૂરી થશે.

લોકો આમ તો ગયા પ્રસાદજીને પંડિતજી કહેતા અથવા એ રીતે ઓળખતા, ત્યારબાદ તેમની ધીરે ધીરે ભગવાનના અનન્ય ભક્ત રૂપે ખ્યાતિ વધતી રહી. તેમણે ગોવર્ધનના પરિક્રમા માર્ગને અડીને આવેલ એક જગ્યાએ પોતાનો આશ્રમ બનાવ્યો હતો. તેઓ આખું જીવન ત્યાં જ રહ્યા અને ક્યારેય ગોવર્ધનની એ જગ્યા છોડી ક્યાંય પણ ન ગયા. અરે એટલું જ નહીં ગામનો સીમાડો પણ ન ઓળંગ્યો. ન તો તેમણે ગોવર્ધન તરફ પીઠ કરી કે ન તો એ તરફ પગ રાખી સુતા. જે દિવસે તેમને શ્રીરામે દંડવતી પરિક્રમા કરતા જોયા, એ દિવસ તેમનો પોતાના સંકલ્પનો સમાપન દિવસ હતો. પોતાની પરિક્રમા પૂરી થવાના ઉપલક્ષ્યમાં પંડિત ગયાપ્રસાદજીએ ગોવિંદકુંડ પાસે એક યજ્ઞ કર્યો. શ્રીરામ પણ એ યજ્ઞમાં ભાગ લેવા ઉપસ્થિત રહ્યા. પંડિત ગયા પ્રસાદજીનું વ્યક્તિત્વ તેમને સ્પર્શી ગયું હતું. તેઓ જાણે તેમની રાહ ન જોઈ રહ્યા હોય એમ લાગી રહ્યું હતું, કે ક્યારે તેમની સાથે મુલાકાત થાય. મનમાં એ વિચાર પણ ઉદ્‌ભવ્યો કે ક્યાંક આ તરુણ તપસ્વીના તપોબળે જ તેમને આ તરફ

આવવા આકર્ષિત કર્યા તો નથીને? તેમની અતૂટ શ્રધ્ધા જ પોતાને અહીં સુધી ખેંચી નથી લાવીને. પરંતુ તેમનો આ વિચાર લાંબા સમય સુધી ટકી ન રહ્યો.

યજ્ઞનું સમાપન થતાં જ પંડિત ગયાપ્રસાદજીએ શ્રીરામનું નામ લઈ બુમ પાડી. વાત તો આ સામાન્ય જ હતી. તેમના મનમાં પણ શ્રીરામ પ્રત્યે ઉત્સુકતા, અહોભાવ બન્નેનો સમન્વય હતો. જે સમયે તેઓ દંડવતી પરિક્રમાનું આખરી સોપાન પૂરું કરી રહ્યા હતા, એ દરમ્યાન તેમણે શ્રીરામની સાથે આવેલ સાધકો પાસેથી વાતચીત દરમ્યાન સાંભળ્યું હતું કે તેઓ ખૂબ જ કઠોર તપ કરી રહ્યા છે, એટલું નહીં તેઓ આઝાદીના જંગમાં કૂદી પડી સવિનય કાનૂનભંગની ચળવળ પણ ચલાવી રહ્યા છે. શ્રીરામની વાતોએ તેમનું મન મોહી લીધું હતું. શ્રીરામ જ્યારે તેઓની વધુ નજીક પહોંચ્યા ત્યારે તેઓએ આત્મીયતા દર્શાવતા પોતાના આસન પર બાજૂમાં જ બેસાડી દીધા. ક્ષેમકુશળ પુછ્યા પછી તેઓ બોલ્યા-''મને એવું લાગે છે કે આપ પ્રથમ વાર જ અહીં ગોવર્ધન પધાર્યા છો.''

શ્રીરામે જવાબ આપ્યો, 'હા હજી પણ ન આવત, પરંતુ એક દિવસ અચાનક મનમાં તીવ્ર સ્ફુરણા જાગી. પછી તો રહી જ ન શકાયું. એટલા માટે આવવું પડ્યું. હજી આંદોલન અંગે ખૂબ જ કામ કરવાનું બાકી છે. એને છોડીને આવવું પણ યોગ્ય ન હતું, પરંતુ મને એવું લાગી રહ્યું હતું કે જાણે કોઈ મને અહીં આવવા માટે વિવશ કરી રહ્યું છે.'

''તમને વળી કોણ વિવશ કરી શકે. કદાચ તમને ઠાકોરજી બોલાવી રહ્યા હશે અથવા આપના પૂર્વજન્મના ઉચ્ચ સંસ્કારો અહીં આવવા પ્રેરિત કરી રહ્યા હશે.''ત્યારબાદ તેમની અંદરો અંદર મોડે સુધી વાતચીત ચાલતી રહી. તેમાંની મોટા ભાગની વાતો ગોવર્ધન પર્વત અંગેની જ હતી. અહીં આવ્યા જ છો તો ગોવર્ધનના દર્શન કરીને જ જજો. ગિરિરાજની પરિક્રમા કરવાની જ છે. એ દિવસે શ્રીરામના મનમાં સતત કેટલાક પ્રશ્ન ગુંજતા રહ્યાં. શું ખરેખર ભગવાન શ્રીકૃષ્ણે ટચલી આંગળી પર ગોવર્ધન ધારણ કર્યો હશે? શું ઈંદ્ર કોપાયમાન થઈ જવાના કારણે બધુ જ જળબંબાકાર બની ગયું હશે? વ્રજની ધરતી પર વસતા તમામ લોકો શું આ પર્વતની છત્રછાયામાં સલામત રીતે છુપાઈ શક્યા હશે?

## ગોવર્ધન ધારણ કરવાનું રહસ્ય

શ્રીરામનું તાર્કિક મન આ વર્ણનોને અતિશયોક્તિ અને કપોળ કલ્પિત જ માની રહ્યું હતું. આર્યસમાજની ભાષામાં આ પ્રકારની વાતો, વર્ણનોમાં રુઢિવાદી ગપગોળા, કે દંતકથા સિવાય કંઈપણ ન હતું. પરંતુ શ્રીરામ લોકોના વિશ્વાસને એકદમ નકારી દેવા માટે રાજી પણ ન હતા. ગોવર્ધનની પરિક્રમા

કરતા કરતા તેમણે તર્કના તીરોને ભાથામાં રાખી દીધા અને અંતઃકરણના ઉંડાણમાં ઉંડે ઉતર્યા. પરિક્રમાના માર્ગમાં અહીં તહીં રાખવામાં આવેલા પત્થરોને સ્પર્શ કરી જોયો. સ્પર્શ કરવાની સાથે જ તેઓ દ્વાપર યુગમાં પહોંચી ગયા, કે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધનને ધારણ કર્યો હતો. શ્રીરામ જાણે એ પથ્થરોને પૂછી રહ્યા ન હોય કે એ પ્રસંગમાં સાચું શું છે? તેમણે વૃક્ષોને સ્પર્શ કર્યો. તેને પણ પૂછી જોયું, ''તમે લોકો તો તમારા પૂર્વજો પાસેથી ગોવર્ધનની કથા સાંભળતા આવ્યા છો, તો બતાવો કે તેમાં સચ્ચાઈ શું છે? ઝરણાંઓ અને પાણીના સ્ત્રોતોને પણ પૂછી જોયું કે જે અત્યારે કુવાઓ, તળાવોમાં રૂપાંતર થઈ ગયા છે. રસ્તામાં મળેલ પશુ પક્ષીઓની આંખોમાં પણ નિહાળી જોયું, જાણે તેઓ કહી રહ્યાં ન હોય કે મનુષ્ય તો કોઈ પણ ઘટનાને કલ્પનાના રંગનો પટ્ટ ચઢાવી શકે છે. તમે પથ્થરો, ઝરણાંઓ, વૃક્ષો અને ગોવર્ધનની ગુફાઓ પાસેથી કંઈક સાંભળ્યું હશે.''

આ લાગણીના પ્રવાહમાં વહેતા વહેતા જ શ્રીરામની પરિક્રમા ચાલી રહી હતી. તેઓ વચ્ચે વચ્ચે પરિક્રમાના માર્ગમાં ડાબી, જમણી બાજૂ હટી આસપાસની ધરતીનું નિરીક્ષણ પણ કરી લેતા. તેને જોઈને તેઓ વિચારમાં પડી જતા. ક્યાંક ક્યાંક ગુફાઓના અવશેષો પણ જોયા. એવું લાગી રહ્યું હતું કે જાણે તેમના મુખ પથ્થરોથી બંધ કરવામાં આવ્યા છે. જો કોઈ પથ્થરને ત્યાંથી હટાવવામાં આવે તો અંદર જવા રસ્તો મળી આવે. એક જગ્યાએ તેમણે પ્રયત્ન પણ કરી જોયો અને તેમને પોતાનું એ અનુમાન સાચું પણ લાગ્યું.

સાંજ ઢળે ત્યાં સુધીમાં તો ગોવર્ધનની પરિક્રમા પૂરી થઈ ગઈ. એ દિવસે તેઓ ગોવિંદકુંજમાં જઈ સુઈ ગયા. અહીં સાધુ સંન્યાસીઓના રહેવા માટે ઓરડાઓ બનાવવામાં આવ્યા હતા. ત્યાં એક જગ્યાએ શેતરંજી પાથરી સુવા જતા હતા, ત્યાં અચાનક એક વૈષ્ણવ સદ્‌ગૃહસ્થ આવી ચડ્યા. તેમણે કહ્યું કે ખાટલામાં જ સુઈ જાવ. આસપાસમાં ખૂબ ગીચ જંગલ છે. અહીં અવાર નવાર કીડા મકોડા કે એરું-ઝાંઝરું નિકળતું જ રહે છે. તે માણસ કુંજમાંથી જ ક્યાંકથી ખાટલો શોધી લાવ્યો અને આવીને શ્રીરામ જ્યાં સુતા હતા ત્યાં લાવીને પાથરી દીધો, તેના પર ગાદલું પણ બિછાવી દીધું.

આખો દિવસ રઝળપાટ કરી હોવાથી શ્રીરામ ખૂબ જ થાકેલા હતા. તેઓની સુતા જ આંખ મીંચાઈ ગઈ. ગાઢ નિંદ્રામાં ચાલ્યા ગયા. પરંતુ તેમને જોઈતી નિંદ્રા ક્યાંથી મળવાની હતી. ક્ષણવારમાં જ તેઓ અગોચર સૃષ્ટિમાં વિચરણ કરવા લાગ્યા. એને દિવ્ય સ્વપ્ન, સૂક્ષ્મ જગત, સ્વપ્ન સૃષ્ટિ પણ કહી શકીએ. એને સ્વપ્ન કહેવું આ અનુભવને અનુચિત રૂપે સરળ બનાવવા સમાન છે. એને આપણે ભાવ સમાધિ કહી શકીએ, જે તેમને સુક્ષુપ્ત સ્થિતિમાં લાગી

ગઈ હતી અને જે સૂક્ષ્મ સ્વપ્ન સૃષ્ટિમાં વિચરતા વિચરતા અતીતના પડળો ખોલી રહી હતી. એ એ સમયના પડળો હતા કે જ્યારે અહીં ગોકુળ, વ્રજની ધરતી પર શ્રીકૃષ્ણની લીલાઓ ચાલી રહી હતી અને શ્રીરામનો આત્મા પણ એ દિવસોમાં અહીં ક્યાંક વિદ્યમાન રહ્યો હશે અને દ્વાપર યુગના એ સુવર્ણ પૃષ્ઠ પર કૃષ્ણલીલાની કેટલીક લીટીઓ આલેખી રહ્યો હશે. એ લીટીઓની કંડિકાઓ એક પછી એક ખુલવા લાગે છે.

એ દિવસોમાં વૃંદાવન નગરમાં ઇંદ્રોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. ગર્ગાચાર્યે નંદરાજાને કહ્યું આ વખતે શ્રીકૃષ્ણને યજમાન બનાવવામાં આવે. નંદે આચાર્યને કહ્યું કે એ અંગે તેઓ સ્વયં જ કૃષ્ણને કહે. ગર્ગમુનિ તરત જ ઈચ્છિત યજમાન પાસે પહોંચ્યા. એ સમયે તેમને શ્રીકૃષ્ણ તરફથી વિચિત્ર જવાબ મળ્યો. આચાર્યજીને તો આ પ્રકારના જવાબની કોઈ અપેક્ષા જ ન હતી. કૃષ્ણે કહ્યું કે જો આપનો આદેશ જ છે, તો હું કેમે કરી ઈન્કાર નહીં જ કરું. પરંતુ ઇંદ્રોત્સવ મને જરા પણ પસંદ નથી? ગર્ગાચાર્યને વધુ આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું કે કેમ? પ્રાચીન સમયથી જ આ ઉત્સવ ઉજવાતો રહે છે. તમને એનો શા માટે વિરોધ છે?

શ્રીકૃષ્ણે કહ્યું, કે ''આપણે યજ્ઞમાં ઢગલાબંધ સામગ્રી હોમી દઈએ છીએ. આપણે અગ્નિમાં ઘી, દૂધ, દહીં, મધ અને અન્નની મોટા પ્રમાણમાં આહુતિ આપીએ છીએ, તો તે શા માટે? એટલા માટે જ ને કે આપણે ઇંદ્રથી ભયભીય છીએ, ડરીએ છીએ, કે જો તેની આરાધના, સ્તુતિ નહીં કરીએ તો તે આપણી ઉપર કોપાયમાન થઈ જશે. મારું અંતઃકરણ કહે છે કે ભયથી જે ઉત્સવ ઉજવવામાં આવે, એ ઉત્સવ ન હોઈ શકે. એ એક પ્રકારે આતંક જ છે. ઉત્સવ આનંદ ઉઠાવવા માટે છે. ભયથી આનંદ નહીં, કાયરતા પેદા થાય છે.''

ગર્ગાચાર્યે તેમને કહ્યું ''તમે શું ઈચ્છો છો?'' શ્રીકૃષ્ણ તેમનો પ્રશ્ન સાંભળી બોલ્યા જાણે પહેલાંથી તેમને અનુમાન હતું અને તેનો જવાબ પણ તૈયાર હતો. તેમણે કહ્યું-''હું એવો ઉત્સવ પસંદ કરું છું કે જે પ્રેમ અને ઉમંગ જગાવે. આપણા ગોવાળિયા અને ગોપીઓના સન્માનમાં જો ઉત્સવ ઉજવવામાં આવશે તો તે ઉત્તમ રહેશે. ઘી, દૂધ, દહીં, માખણ આપનારી ગાયો માટે ઉત્સવ ઉજવવામાં આવે. શીતળ છાંયો આપનારા વૃક્ષો માટે ઉત્સવ ઉજવવામાં આવે, કે જેની પાસેથી આપણને ફળ, ફૂલ તથા બળતણ માટે લાકડું પ્રાપ્ત થાય છે, તેમનાથી આપણને ન માત્ર વનમાં, બલ્કે ઘરોમાં પણ આશ્રય મળે છે.''

આચાર્ય ગર્ગ શ્રીકૃષ્ણનો આ ભાવ સમજી હસી પડ્યા. તેમણે માત્ર એટલું જ કહ્યું કે જો આરાધના નહીં કરવામાં આવે તો ઇંદ્ર કોપાયમાન થઈ જશે. તો શ્રીકૃષ્ણે જવાબ આપ્યો કે 'તેમના કોપથી ભયભીય ન થવું જોઈએ.'

જો આપ મંજૂરી આપો તો આપણે સૌ ગોપોત્સવ ઉજવીએ. તેમના આ વિચારનું સમર્થન ત્યાં અચાનક પધારેલ સાંદીપનિ મુનિએ પણ કર્યુ. તેમણે કહ્યું કે શ્રીકૃષ્ણની પ્રેરણાથી જ ગોપોત્સવ ઉજવી ગોવર્ધનની પૂજા કરવામાં આવે. યજ્ઞનું આયોજન રાખવામાં આવે. તેમાં આહુતિઓ પણ આપવામાં આવે, પરંતુ તે નિમિત્તમાત્ર જ હોય. ઈંદ્રોત્સવ માટે હજારો મણ સંગ્રહ કરી રાખવામાં આવેલ ઘી, દૂધ, દહીં, માખણ અને અન્ન એ વ્રજના બાળકોને વહેંચી દેવા સાચવી રાખવામાં આવે. યજ્ઞમાં માત્ર પ્રતિકાત્મક આહુતિઓ જ આપવામાં આવે.

ગોવર્ધનની આ પૂજા નવી પ્રથા, નવા રિવાજની શરૂઆત હતી, વ્રજના કેટલાક લોકોએ તેનો વિરોધ કર્યો. પરંતુ મોટા ભાગના પ્રજાજનો શ્રીકૃષ્ણની વાતો સાથે સંમત હતા. જે દિવસે બાળ ગોવાળિયાઓ ઉત્સવ ઉજવી રહ્યા હતા અને બીજા કેટલાક પ્રાચીન રિવાજ પ્રમાણે ઈંદ્રની આરાધના, પૂજન કરી રહ્યા હતા, એ દિવસે મધ્યરાત્રિએ પ્રકૃતિએ પોતાનો રંગ બદલ્યો. આકાશમાં ઘટાટોપ વાદળો છવાઈ ગયા, એણે આકાશને ઢાંકી દીધું. વીજળીના કડાકાથી વાતાવરણ ગાજી ઉઠ્યું. થોડીક ક્ષણોમાં જ મૂસળધાર વર્ષાનો આરંભ થયો. ત્યારે રાજા નંદ બોલી ઉઠ્યા. જે દિવસે કૃષ્ણનો જન્મ થયો હતો, એ દિવસે પણ આવો વરસાદ તૂટી પડ્યો હતો.

## ગોવાળ બાળનો ઉદ્વેગ

કેટલાક લોકો આ વિપત્તિનું કારણ કૃષ્ણને જણાવતા પોતાની જાતને કારણભૂત માનવા લાગ્યા. તેમણે શા માટે નંદજીના લાકડાવાયાનું કહેવું માન્યું અને ઈંદ્રની પૂજાને તિલાંજલિ આપી. નંદના ચહેરા પર ચિંતાની રેખા તો જરૂર ફૂટી, પરંતુ પોતાના પુત્ર માટે જરાપણ રોષ ન હતો. શ્રીકૃષ્ણના ગોઠિયા, ભાઈબંધો સમાન એવા બાળગોવાળિયાઓ દૃઢપણે માનતા હતા કે તેમનો આગેવાન કોઈ માર્ગ અવશ્ય કાઢશે અને આ મુશ્કેલી ટળી જશે. એ લોકો પોતાના બળદગાડા છોડી ટોળે વળી શ્રીકૃષ્ણની આજુબાજુમાં એકત્ર થઈ ગયા. સવાર પડે ત્યાં સુધીમાં તો વર્ષાનું પાણી ચારે તરફ ભરાઈ ગયું. છતાં પણ મેઘરાજા અટકવાનું નામ જ લેતા ન હતા. એવું લાગી રહ્યું હતું કે તેઓ ઈંદ્રના સૈનિક બની વ્રજની પ્રજાને દંડ આપવા તત્પર બની જાણે મચી પડ્યા ન હોય.

ચારેબાજુ જળબંબાકાર થઈ ગયું જાણે હમણાં જ જલપ્રલય થઈ જશે. છતાં પણ શ્રીકૃષ્ણના ચહેરા પર ચિંતાની કોઈ રેખા દૃષ્ટિગોચર થતી ન હતી. તેઓ ત્યાં ઉભા ઉભા ચારેબાજુ નિરીક્ષણ કરતા વિચારી રહ્યા હતા. રહી રહી તેમની નજર ગોવર્ધન પર્વત તરફ જતી હતી. ત્યાં ધોધમાર વર્ષાના કારણે ઠેરઠેર તિરાડો પડી ગઈ હતી. સામાન્ય દિવસોમાં જ્યારે પણ શ્રીકૃષ્ણ ગોવર્ધન

પર્વત પર આવતા ત્યારે તેઓ આ તિરાડોને સારી રીતે જોતા. તેઓ જ્યારે છુપાઈ જતા ત્યારે આવતા જતા લોકોને જરા જેટલી પણ ખબર જ પડતી ન હતી. છુપાઈ ગયેલી વ્યક્તિની તેમને કોઈ ભાળ કે જાણકારી મળતી ન હતી. એ તિરાડો પર નજર પડતાં જ શ્રીકૃષ્ણના ચહેરા પર આછું સ્મિત રેલાયું. તેમણે પોતાના ગોઠિયાઓને, ભાઈબંધ ગોવાળિયાને કહ્યું કે ચાલો આપણે બધા જ ગોવર્ધન પર્વત તરફ ચાલ્યા જઈએ અને તેઓ તરત જ ગોવર્ધન પર્વત તરફ જવા ચાલી નિકળ્યા.

શ્રીકૃષ્ણ પોતાના ઉત્સાહી બળવાન સાથીદારોને લઈને આગેવાની કરતા આગળ આગળ ચાલવા લાગ્યા. થોડી વાર પછી તેમને સંબોધી કહ્યું કે ઇંદ્રે આપણાં પર હુમલો કર્યો છે. આપણે તેનો સામનો કરવાનો છે. તેમણે અને બલરામે મળી ગુફાના દ્વાર પર પડેલી એક વિશાળ શિલાને હટાવી. શિલાને હટાવતા તરત જાણ થઈ કે તે અંદરથી કેટલી વિશાળ છે. શ્રીકૃષ્ણે તરત હુકમ કર્યો કે બાળકો અને સ્ત્રીઓને પહેલાં લઈ આવો. તો તુરંત જ બાળકો અને સ્ત્રીઓ દોડી આવ્યા. તેમને બધાને જ ગુફામાં મોકલી આપવામાં આવ્યા. ત્યારપછી બાળગોવાળિયાઓ સહિત શ્રીરામ અને બલરામ સમગ્ર પર્વત પર છવાઈ ગયા અને અહીં તહીં પડેલી શિલાઓને હટાવવામાં લાગી ગયા. પથ્થરોની પાછળ છુપાઈ રહેલી ગુફાઓમાં નજર દોડાવવામાં આવી. ગુફાની અંદર મોટા મોટા પથ્થરો, કાંકરા અને રેત પથરાયેલા પડ્યા હતા. એને એવી રીતે દુર કરી દેવામાં આવ્યા કે જેથી થોડા સમય સુધી રોકાઈ શકાય. પર્વતની વચ્ચોવચ્ચ બીજી પણ એક ગુફા આવેલી હતી. શ્રીકૃષ્ણ એના વિષે પૂરેપૂરું જાણતા હતા. પરંતુએ ગુફાનું મોઢું એક વિશાળ શિલા વડે બંધ કરવામાં આવેલ હતું. યુવાનો તથા બળવાન વ્યક્તિઓ તેને ઓળંગી કે કૂદકો મારી અંદર જઈ શકે તેમ હતા, પરંતુ બાકીના બીજા અંદર પહોંચી શકે તેમ ન હતા. કૃષ્ણ અને તેમના બાળ ગોઠિયાઓએ સૌ એકઠા થઈ સંપૂર્ણ તાકાત લગાવી પેલી શીલાને હટાવવા પ્રયત્ન કરવા લાગ્યા. બાકીના લોકો પણ તેમની મદદે આવી પહોંચ્યા.

શ્રીરામની આંખો સમક્ષ આ દૃશ્ય ચિત્રપટના દૃશ્યો જેમ સતત ચાલતું રહ્યું. શ્રીરામને પણ પૂરેપૂરું ભાન હતું કે તેઓ સંપૂર્ણ રીતે જાગૃત અવસ્થામાં છે, પરંતુ તેમનો અંતરાત્મા અતીતમાં પ્રવાસ ખેડી રહ્યો હતો. દ્વાપર યુગમાં ધોધમાર થઈ રહેલી વર્ષા, એ જ ગોવર્ધન પર્વત અને એ જ કૃષ્ણ, બલરામ. તેમના મગજમાં વર્તમાનનું ભાન બરાબર જળવાઈ રહ્યું હતું. ગોવર્ધન પર હજારો બાળ, ગોવાળિયાઓ ઇંદ્રના પ્રકોપ સામે યુધ્ધ કરી રહ્યા હતા. અચાનક તોફાનનો વેગ વધી ગયો. પ્રચંડ મેઘ ગર્જના થઈ. એવું લાગ્યું કે જાણે વાદળો ફાટી ગયા હોય. વીજળીના કડાકા ભડાકાથી ધરતી ધ્રુજવા લાગી. ભયંકર

મેઘ ગર્જનાના કારણે સમગ્ર પર્વતાળ પ્રદેશ હચમચી ઉઠ્યો. લોકો ખૂબ જ ભયભીત બની કાંપવા લાગ્યા અને એવું લાગવા લાગ્યું કે આ જીવન ક્ષણભર માટે જ જીવંત છે. તેમને વ્રજપાતનો પ્રસંગ યાદ આવી ગયો, કે જે તેમણે ઋષિમુનિઓ પાસેથી સાંભળ્યો હતો.

એ દરમ્યાન એક ચમત્કાર થયો. જે શિલાને હટાવવા માટે કૃષ્ણ વગેરે પ્રયત્ન કરી રહ્યાં હતા તે એકાએક તૂટી ગઈ અને અનેક ટુકડાઓમાં વહેંચાઈ ગઈ. એ રીતે ગબડવા લાગી કે જો ગોપબાળ તેને તરત રોકી ન લેતા તો તે અનેક લોકોના માથા ફોડી નાખતી. પછી સૌએ સાથે મળી પેલી શિલાને ધીરે ધીરે ગબડવા દીધી. જેથી ગુફાનો રસ્તો ખુલ્લો થઈ ગયો. ત્યારબાદ તેને અડીને આવેલી બીજી પણ એક વિશાળ શિલા હાલવા લાગી અને ભયંકર અવાજ કરતી તે નીચે તરફ ગબડવા લાગી. એ સમયે બાળ ગોવાળિયાઓએ એવો અનુભવ કર્યો કે આખો ગોવર્ધન પર્વત જાણે ઉંચો ઉઠી રહ્યો છે. એ વિશાળ શિલાને તૂટીને ગબડી પડવાથી ગુફાનો અંદરનો આકાર ખૂબ જ વિશાળ બની ગયો. એટલો બધો વિશાળ કે લોકો આરામથી તેમાં ઉભા રહી શકે. શ્રીકૃષ્ણે હવે સૌને અંદર ચાલ્યા જવા ઈશારો કર્યો અને તમામ બાળ ગોવાળિયાઓ હર્ષનાદ કરતા ગુફામાં ધુસવા લાગ્યા. થોડીવાર પછી આમતેમ નાની મોટી તિરાડોમાં અને ગુફાઓમાં છુપાઈ ગયેલા લોકો પણ બહાર આવ્યા અને સૌ એક જ આશ્રય સ્થાન નીચે આવી ઉભા રહી ગયા. માત્ર થોડીક ક્ષણોમાં જ તેમની ચિંતા દૂર થવા લાગી જાણે કપૂરની જેમ સળગીને ઉડી ગઈ હોય.

ત્યારબાદ ધીરે ધીરે લોકોની માનસિક સ્થિતિ સામાન્ય બનવા લાગી. બહાર મેઘનું તાંડવ એટલું જ પ્રચંડ ગર્જના, ગડગડાટ સાથે ચાલી રહ્યું હતું, સાંબેલા ધારે વરસાદ વરસી રહ્યો હતો, છતાં પણ હવે વ્રજના પ્રજાજનો પર ભયનો જરા જેટલો અણસાર પણ દૃષ્ટિગોચર થઈ રહ્યો ન હતો. કોઈ પર્વતના ઉંચા શિખરો પર ચડી પુરના ઉછળતા લોઢને જોતા હોય એ રીતે તેઓ હવે ઈંદ્રના પ્રચંડ પ્રકોપને વિચલિત બન્યા વગર નિહાળી રહ્યા હતા.શ્રીકૃષ્ણે બધાંને સલામત રીતે ઈંદ્રના પ્રકોપમાંથી ઉગારી લીધા હતા. ગુફાની અંદર ઉત્સવનું એવું વાતાવરણ બનવા લાગ્યું કે જે ગઈકાલની મોડી રાતથી હર્ષઘેલું કરી રહ્યું હતું. એ ઉમંગની અંદર ગળાડૂબ ગોવાળબાળ પર ઈંદ્રનો પ્રકોપ જે રીતે વરસ્યો હતો, તેની સ્મૃતિ થોડીક ક્ષણોમાં જ સ્વપ્ન જેવી બની ગઈ. ગોવર્ધન પર આરંભ થયેલો આ નવો ઉત્સવ લગભગ આખો દિવસ ચાલતો રહ્યો.

શ્રીરામ ગોવર્ધન ધારણ કરવાનો આ પ્રસંગ ન માત્ર સાક્ષીભાવથી નિહાળી રહ્યા હતા, બલ્કે તેઓ કર્તાભાવથી અનુભવ પણ કરી રહ્યા હતા. ઉત્સવ હવે વેગ પકડવા લાગ્યો અને શ્રીરામ વળી પાછા જાગૃત સ્થિતિમાં

આવી ગયા. તેઓ વિચારવા લાગ્યા કે ભય યા પ્રલોભનથી શા માટે કર્મકાંડ કરાવવું જોઈએ? આ કર્મકાંડ ઉલ્લાસ તથા ઈશ્વરનો આભાર વ્યક્ત કરવા અને જીવન જે કારણોથી સમૃધ્ધ બને છે, એના પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે હોવું જોઈએ. વહેલી સવારના દૈનિક કાર્યોમાંથી નિવૃત્ત થયા પછી શ્રીરામનો ચિંતનનો પ્રવાહ એ દિશામાં દોડવા લાગ્યો. પોતાની ઓરડીમાં બેઠા બેઠા તેઓ વિચારી જ રહ્યાં હતા ત્યાં અચાનક પંડિત ગયાપ્રસાદનો સંદેશો આવી ગયો. તેમના એક શિષ્યે આવી સમાચાર આપ્યા કે પંડિતજી આપની સાથે જમવાની ઈચ્છા ધરાવે છે. એમણે આપની ઉપર આ આમંત્રણ સવિનય મોકલી આપ્યું છે.

શ્રીરામ રાતભર થયેલા અનુભવોમાંથી બહાર આવ્યા. તેઓ હજી સુધી એ સૃષ્ટિમાં ખોવાયેલા હતા. પંડિતજી દ્વારા પાઠવવામાં આવેલા નિમંત્રણે તેમને સ્થૂળ સૃષ્ટિ સાથે જોડી દીધા. તેમણે એ આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી લીધો, પછી એકવાર ફરી તેઓ એ શિલાઓને પણ નિરખી, પારખી કે જેનો તેમને ગઈ કાલે પરિક્રમા દરમ્યાન પરિચય થયો હતો. પરિક્રમાના માર્ગમાં તેમને એક અપંગ વૃધ્ધ વ્યક્તિ મળી. તે ખૂબ જ આનંદમાં આવી ભજન ગાઈ રહી હતી. એ એક પથ્થરને અડીને પડેલી ઘોડીઓને નિહાળતાં ઓર આવેગમાં આવી જતી. શ્રીરામને ઘોડીઓ સમક્ષ ભજન કરી રહેલી પેલી વૃધ્ધ વ્યક્તિ રહસ્યમય લાગી. તેમણે પેલી વ્યક્તિને પૂછી જોવાનું મન થયું કે આ પ્રકારનું ભજન સાધનાના કયા માર્ગનું અંગ છે. પરંતુ પેલી વૃધ્ધ વ્યક્તિની મસ્તી જોઈ તેઓ તેને પૂછવાનું સાહસ ન કરી શક્યા. તેને તેઓ ચુપચાપ ભજન કરતા જોતા રહ્યા.

## અપંગની શ્રધ્ધા

શ્રીરામ પર્વતની તળેટીમાં લગભગ બે કલાક સુધી આમતેમ ફરતા રહ્યા. ત્યારબાદ તેઓએ પંડિતજીના આશ્રમ તરફ ડગ માંડ્યા. પર્વતની તળેટીમાં ફરતાં ફરતાં તેમણે અનેક વિલક્ષણ દૃશ્યો પણ જોયા હતા. એ અંગે તેમણે પંડિતજી સાથે ચર્ચા પણ ચલાવી. કેટલીક ઘટેલી ઘટનાઓના રહસ્યો પણ ખુલ્લા થયા. કેટલાક એમને એમ છુપા જ રહ્યા. પેલી અપંગ વૃધ્ધ વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો, ત્યારે પંડિતજીએ જણાવ્યું કે એની ઉપર ઠાકોરજીની કૃપા વરસી છે. એ સંપૂર્ણ રીતે અપંગ જ હતો. એક દિવસે તે ઘોડીની મદદ વડે ગિરિરાજ ગોવર્ધનની પરિક્રમા કરી રહ્યો હતો. આમ તો તે દર વર્ષે ગોવર્ધનની પરિક્રમા કરતો જ હતો. પરિક્રમા કરતાં કરતાં ગોવર્ધનધારીને વારંવાર પ્રાર્થના કરતો રહેતો અને પોતાના મનની વ્યથા વ્યક્ત કરતો રહેતો કે હે પ્રભુ! મને આવી સ્થિતિમાંથી મુક્ત કરી દો. આ પ્રમાણેનો આ ક્રમ સતત પાંચ વર્ષ સુધી

ચાલ્યો. તેના ઘરના લોકો તેને એક પ્રકારે બોજ જ સમજતા હતા. આ કારણે કુટુંબમાં આંતરે દિવસે ઝગડો થતો રહેતો. તેણે ઘર અને કુટુંબ બધાનો ત્યાગ કરી અન્ય કોઈ પણ સ્થળે રહી, આજીવિકા મેળવી પોતાની જાત પર જ જીવન જીવવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. તે હંમેશા પરમેશ્વરને પ્રાર્થના કરતો રહેતો અને પોતાની પીડા તેમને સંભળાવતો રહેતો. એક દિવસે તે પરિક્રમા કરી રહ્યો હતો એ દરમ્યાન એક વિચિત્ર ઘટના બની. એ જ્યારે ચાલતો ચાલતો પરિક્રમા કરી રહ્યો હતો ત્યારે ગોવાળિયા જેવો લાગતો એક યુવાન અચાનક ત્યાં આવી ચડ્યો, એણે પેલી વૃધ્ધ વ્યક્તિનો રસ્તો રોકી લીધો અને પેલી વૃધ્ધ વ્યક્તિના હાથમાંની બન્ને ઘોડીઓ છીનવી લીધી. પેલી વૃધ્ધ વ્યક્તિ હવે લથડિયા ખાવા લાગી, તેને ચાલવામાં તકલીફનો અનુભવ થયો. પેલા યુવાનના આ પ્રકારના વ્યવહાર બદલ તેને ગુસ્સો આવ્યો. એ હજી એક પણ શબ્દ ઉચ્ચારે અને ગબડી પડે તે પહેલાં જ પેલા યુવાને વૃધ્ધ વ્યક્તિને સંભાળી લીધી અને કહ્યું, હવે તમારે આ ઘોડીઓની જરૂરિયાત જ નથી. હવે તમો સીધા ટટ્ટાર ઉભા રહી ચાલવા લાગો.

પેલી વૃધ્ધ વ્યક્તિને બિચારાને સમજ જ પડતી ન હતી કે પેલો ગોવાળિયા જેવો દેખાતો યુવાન તેને શું કહી રહ્યો છે. તે લાચાર હતો. આવી સ્થિતિમાં તે શું કરી શકે તેમ હતો? ગુસ્સાએ, આશ્ચર્યે અને દુવિધાએ તેની સ્થિતિ વિચિત્ર બનાવી દીધી હતી. યુવકના આ કથન બદલ પેલી વૃધ્ધ વ્યક્તિને ગુસ્સો ચઢ્યો. એ કંઈપણ બોલે, તે પહેલાં તેણે અનુભવ કર્યો કે ખરેખર તેને હવે ચાલવા માટે ઘોડીઓની જરૂરિયાત જ નથી. હવે તે ટટ્ટાર ઉભો રહી શકે છે. તે પોતાના હાથ, પગ અને શરીરને નિહાળવા લાગ્યો. તે હવે પોતાને સંપૂર્ણ સ્વસ્થ હોવાનો અનુભવ કરી રહ્યો હતો. તો તરત તેણે પેલાં યુવાન તરફ દૃષ્ટિ કરી, પરંતુ ત્યાં કોઈ જ ન હતું.

પંડિત ગયાપ્રસાદજીએ બતાવ્યું કે ત્યારબાદ એ વૃધ્ધ વ્યક્તિ ગોવર્ધન છોડી ક્યાંય પણ ન ગઈ અને હંમેશા માટે અહીં જ વસવાનું વ્રત ધારણ કરી લીધું. તે અકિંચનભાવથી અહીં જ રહી ગયો. તે કોઈને પણ પોતાનું નામ જણાવતો નથી. તેને સમય પર જ્યાં ક્યાંયથી, જે કંઈ પણ મળી જાય તેને ઠાકોરજીનો પ્રસાદ માની આરોગી લે છે અને પેલી ઘોડીઓને ગોવાળિયા યુવાન રૂપી શ્રીકૃષ્ણે સ્પર્શ કર્યો હતો. એટલા માટે તે હંમેશા તેને પોતાની પાસે જ રાખે છે અને તેને તે પોતાના પરમેશ્વરની મૂર્તિ માને છે.

સતત પાંચ દિવસ સુધી શ્રીરામ ગોવર્ધનની તળેટીમાં જ રહ્યા ત્યારબાદ છઠ્ઠા દિવસે પાછા ફરવા ડગ આગળ માંડ્યા. આ પાંચ દિવસ દરમ્યાન પણ તેમની અનુષ્ઠાનરૂપી સાધનાનો નક્કી કરવામાં આવેલ ક્રમ પણ યથાવત

ચાલતો જ રહ્યો. ત્યારબાદ તેમની ગોવર્ધનના અનેક સાધુ સંતો સાથે મુલાકાત પણ થઈ. તેઓ જેની તેની સાથે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની જ વાતો કરતા રહ્યા, પરંતુ રાજકીય યા સામાજિક વિષયો પ્રત્યે સંન્યાસ ભાવ જ અપનાવી રાખ્યો. છઠ્ઠા દિવસે સાંજે પોતાની કર્મભૂમિમાં પાછા આવી ગયા.

આગ્રા પહોંચતા જ શ્રીરામને સમાચારો મળી ગયા કે જગનપ્રસાદ રાવતજી મુંબઈથી પાછા ફર્યા છે. ત્યાં તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવવા અંગે મુંબઈમાં રહી તાલીમ મેળવી લીધી હતી. ટેલીફોનના તાર કાપી નાખવા, તારના થાંભલા ઉખાડી નાખવા, રેલ્વેના પાટા ઉખાડી નાખવા અને વાહનોની અવરજવરમાં અવરોધ ઉત્પન્ન કરવો, સરકારી આયોજનોને નિષ્ફળ બનાવવા વગેરે આ ટ્રેનિંગનો મુખ્ય ભાગ હતો. રાવતજીએ પાછા ફરતાં જ તરત શ્રીરામને પોતાની પાસે બોલાવ્યા. શ્રીરામ જ્યારે ફ્રીગંજના મકાન પર પહોંચ્યા ત્યારે ત્યાં રાવતજી ઉપરાંત રાધેશ્યામ, કૃષ્ણજીવન દાસ, ભગવાન સહાય અને ઉલફતસિંહ વગેરે ત્યાં પહેલાંથી જ આવીને બેસી ગયા હતા.

રાવતજીએ અહીં યોજવામાં આવેલ કાર્યકર્તાઓની ખાનગી બેઠકમાં મુંબઈમાં ચાલી રહેલી ક્રાંતિકારી પ્રવૃત્તિઓની માહિતી આપી અને તેનું વર્ણન પણ કરી બતાવ્યું. એમના કથન અનુસાર પ્રચાર તંત્ર એવું દર્શાવી રહેલ છે કે દેશમાં ચારે તરફ વાતાવરણ બિલકુલ ઠંડુ છે. ખરેખર તો ક્રાંતિકારીઓ તમામ જગ્યાએ ચુપચાપ રીતે સક્રિય હતા. તેઓ ટેલિફોન, વાહન વહેવાર બન્ને વેરવિખેર કરી દેવામાં જ લાગી રહેલા હતા. સ્વતંત્રતા સેનાનીઓ પણ ચુપચાપ આ જ કામ લાગેલા હતા. આમ તો તેઓ લગભગ એકલા યા બે ત્રણ જણાની ટોળી બનાવી કામ કરતા રહેતા. અલગ અલગ કામ કરવાની સાવચેતી એટલા માટે રાખવામાં આવી હતી કે જો ધરપકડની સ્થિતિ સર્જાય તો વધુ લોકો પકડાઈ ન જાય. આમ પણ આ પ્રકારના અટકચાળા પ્રદર્શન કરવા માટે તો ન હતા. એમાં સંગઠનની શક્તિ પણ દેખાડવાની ન હતી.

શ્રીરામની સાથે ગોવર્ધન સિંહ તથા સિરોલી દદ્દુની ટીમ બનાવવામાં આવી. એમને આગ્રા, ટુંડલા વચ્ચે ચાલતા રેલ્વે વહેવારને ખોરવી નાખવાની જવાબદારી સોંપવામાં આવી. આ ટોળકીએ બે મહિનાની અંદર અંદર પાંચ છ વાર ટ્રેઈનોને રોકી દીધી. આમ સતત પાંચ છ વખત ગાડીઓને થોભાવી દેવામાં આવી. આમ વારંવાર રેલ્વે વહેવારને ખોરવી દેવાના બનતા બનાવોને જોઈ સરકાર સાવધાન બની ગઈ અને એણે સાવચેતી વધારી દીધી. ત્યારબાદ રેલ્વે લાઈન પર પોલીસનો પહેરો સતત રહેતો. આમ રેલ્વે લાઈન પર સતત પોલીસ પહેરો ગોઠવાઈ રહેતો હોવાના કારણે શ્રીરામે છઠ્ઠીવાર કોઈ મોટું જ કારસ્તાન કરી દેખાડવા દૃઢ નિશ્ચય કર્યો. એને માટે એ જરૂરી હતું કે પહેરો

ભરી રહેલા પોલીસવાળાઓની લાંબા સમય સુધી ત્યાંથી દૂર હટાવી દેવામાં આવે. સરકારે રેલ્વેના પાટા ઉખાડી નાખનારાઓના નામ સરનામા આપનારને યા તેની અગાઉથી સૂચના આપી દેનારને ઈનામ આપવાની જાહેરાત કરી દીધી હતી. જેથી ગામડાંના અનેક લોકો તેનો લાભ ઉઠાવવાની તક જ શોધતા રહેતા. તેઓ પણ રેલ્વે લાઈન પર ધ્યાન રાખતા રહેતા કે ક્યાંય કોઈ ગડબડ તો થઈ રહી નથીને. ખોટી માહિતી આપવા બદલ પોલીસના દંડા પણ ખાવા પડતા, એટલા માટે લોકો પ્રથમથી જ બધી જ સારી રીતે ચકાસણી કરી લેતા, કે ખરેખર રેલ્વે લાઈન પર તોડફોડ ચાલી રહી છે.

## રેલ્વે વ્યવહાર ખોરવી નાખ્યો

સરકાર દ્વારા ટુંડલાથી સાત કિલોમીટર દૂર આવેલ એક અત્યંત સંવેદનશીલ જગ્યા પર પાકો ચોકી પહેરો બેસાડી દેવામાં આવ્યો હતો. એક દિવસે મધ્યાહ્ન સમયે ધોમધખતા તાપમાં એક ગામડાંનો ભલો ભોળો યુવાન પરસેવાથી રેબઝેબ સ્થિતિમાં હાંફતો હાંફતો ત્યાં આવી ચડ્યો. દૂરથી દોડતો આવ્યો હોવાના કારણે તેની શ્વાસોશ્વાસની ગતિ તીવ્ર બની ગઈ હતી, જેથી તે હજી પણ હાંફી રહ્યો હતો અને તેના મોંઢામાંથી જે શબ્દો નિકળતા હતા તે પણ તુટક તુટક નિકળતા હતા. જરાપણ સમજાય તેવા ન હતા. એ થોડીવાર થોભી ગયો, શ્વાસ હેઠો બેઠા પછી જ ત્યાં ચોકી પહેરા પર કડક નજર રાખી રહેલા ઉચ્ચ પોલીસ અધિકારીને ગામઠી ભાષામાં કહેવા લાગ્યો કે સાહેબ! માત્ર એક જ માઈલ દૂર અમુક જગ્યાએ ત્રણચાર છોકરાં એકઠાં થઈ રેલ્વેના પાટા ઉખાડી રહ્યો છે. તે યુવકે માત્ર શરીર પર ઉપરના ભાગમાં બંડી અને નીચે ઘુંટણ સુધી આવે એટલું ધોતિયું પહેરેલું હતું. પોલીસવાળો પોતાનો રોફ જમાવતો થોડી કરડાકી ભાષામાં બોલ્યો-અલ્યા છોકરા! તું સાચું કહી રહ્યો છે? એણે પોતાના હાથમાંનો દંડો જમીન પર ખખડાવ્યો. પેલો યુવાન બોલ્યો-હા સાહેબ! હું સાચું જ કહી રહ્યો છું, જૂઓ હું તેમની પાટા ઉખાડવાનું એક સાધન ચુપચાપ ચોરીને આપને દેખાડવા લઈ આવ્યો છું. જૂઓ! આ રહ્યું. એટલું કહી પેલાં છોકરાએ પોતાના હાથમાં રહેલું એ સાધન પોલીસ અધિકારીને દેખાડ્યું, કે જેનાથી પાટાના નટબોલ્ટ ખૂબ જ સરળતાથી ખુલી શકે તેમ હતા.

પોલીસવાળાઓ આ ઓજાર જોઈ એકદમ સાવધાન બની ગયા. એમને પાકો ભરોસો બેસી ગયો કે નજીકમાં જ ક્યાંક રેલ્વે હોનારત સર્જવા યુવાનો તત્પર છે અને એના કારણે રેલ્વે વ્યવહાર તરત જ બંધ થઈ જશે. તેણે ત્યાં રહી પહેરો ભરી રહેલાં બે પોલીસવાળાઓને પોતાની સાથે લીધા અને પેલા બનાવવાળી જગ્યા દેખાડવા તે તેમને ખેંચી ગયો. થોડું ચાલ્યા પછી પેલા યુવાને પોતાનું ગામ નજીક આવતું જોઈ પોલીસવાળા પાસેથી છટકી જવા કોઈ

તક શોધવા લાગ્યો. તેણે પોલીસવાળાઓને પૂછી જોયું કે સાહેબ! જો આપ રજા આપો તો હું મારા ગામ ચાલ્યો જાઉં. પોલીસવાળાઓએ તેને એ કહી રોકી દીધો કે તે અમોને જે માહિતી આપી છે, તે જો ખોટી નિકળી તો અમે લોકો તને જેલમાં પૂરી દઈશું. એટલા માટે તું અમારી સાથે જ રહે. પરંતુ પેલા પોલીસવાળા હજી સુધી તેને માપી જ શક્યા ન હતા. પરંતુ એ યુવાનના ચહેરા પર પોતાનો ઉદ્દેશ સફળ થવાના કારણે આનંદ છલકાઈ રહ્યો હતો. લગભગ એકાદ કિલોમીટર જેટલો લાંબો રેલ્વે માર્ગ પોલીસના ચોકી પહેરાથી મુક્ત બની ગયો. લગભગ બે વાગ્યાની આસપાસ આગ્રાથી ટુંડલા તરફ જતી એક પેસેંજર ટ્રેન તીવ્ર ઝડપે દોડી આવી રહી હતી. એ વખતે બે યુવાનો રેલ્વેના પાટા પાસે જ આંટાફેરા મારી રહ્યા હતા. તેઓ આ પેસેંજર ટ્રેનને કેવી રીતે રોકી દેવી એ અંગે પોતાની યોજના પર રીહર્સલ શરૂ કરી દીધું. જાણે ગાડી આવવાનો સમય થઈ ગયો, ત્યારબાદ થોડી વાર પછી દૂરથી ગાડી આવતી અને તેની સીટી વાગતી સંભળાઈ. તેમાંથી એક યુવાને પોતાના ખિસ્સામાં રાખેલું લાલ કપડું બહાર કાઢ્યું અને રેલ્વેના પાટા વચ્ચે ઉભા રહી તેને હવામાં લહેરાવી તેના વડે પેસેન્જર ટ્રેનને કેવી રીતે રોકી દેવી તેનો અભિનય કરવા લાગ્યો. તો બીજા યુવાને પોતાના સાથીદારને કહ્યું 'ઠીક છે, ઠીક છે. વધુ નાટક કરવાની કોઈ જરૂર નથી. પોતાની ચાલાકી અજમાવાનો સમય આવે ત્યારે પોતાની બુધ્ધિ અને બહાદુરીનો પરિચય આપજે, હમણાં તો તું એને રોકી દે.' એટલું કહી પેલો યુવાન ખડખડાટ હસી પડ્યો. એક બાજુ કસોટી તો બીજી બાજુ સંઘર્ષ, આવી કટોકટીભરી વિકટ ક્ષણોમાં આ પ્રકારની ટીખળ કરનાર યુવાન બીજું કોઈ ન હતું, પરંતુ આ અભિયાનની આગેવાની કરી રહેલ શ્રીરામ સ્વયં જ હતા. તેમણે બીલકુલ ગામડિયા જેવો જ પહેરવેશ ધારણ કરી રાખ્યો હતો. ચેહરા પર દાઢીમુંછ ખૂબ જ વધી ગયા હતા, તેમનો હાવભાવ એવો હતો કે જાણે હજી હમણાં જ ખેતરમાં મજૂરી કરીને આવી રહ્યા હોય.

બીજો જે યુવાન હતો તે હતો ગોવર્ધન. હવે આવી રહેલી પેસેંજર ટ્રેનની સાચી સીટી સંભળાઈ. આ વખતે શ્રીરામ ખરેખર પોતાના હાથમાં લાલ કપડાને ઝંડીની જેમ હલાવતા હલાવતા રેલ્વેના બન્ને પાટા વચ્ચે દોડવા લાગ્યા, કે જે તરફથી ગાડી આવી રહી હતી. એ દિવસોમાં રેલ્વેના એંજીનોમાં ડ્રાઈવર માટેની સીટ બહારની તરફ રહેતી. આ સીટને ડ્રાઈવિંગ લીવર પાસે બનેલ બારીમાં જરૂરિયાત અનુસાર લગાવવામાં આવતી. અર્થાત્ આઘી પાછી કરવામાં આવતી. આગલા સ્ટેશનથી જ ગાડી રવાના થાય તે પહેલાં જ ડ્રાઈવરે એ સીટ એંજીનના બહારના ભાગમાં લગાવી દીધી. અર્થાત્ તે બહારની સીટ પર બેઠો હતો. ત્રીસ પાંત્રીસ કિલોમીટરની ઝડપે દોડી રહેલ ટ્રેનના ડ્રાઈવરે પાટાની

વચ્ચે જોયું કે એક યુવાન પોતાના હાથમાં લાલ રંગના કપડાને ઝંડીની જેમ હવામાં લહેરાવતો દોડતો આવી રહ્યો છે. ડ્રાઈવરે વિચાર્યું કે સંભવ છે કે આગળ ક્યાંક કોઈએ રેલ્વેના પાટા ઉખાડી નાખ્યા હોય અથવા કોઈ અકસ્માત નડ્યો હોય અને ટ્રેનના ડબ્બા ગબડી પડ્યા હોય. ગમે તે થયું હોય એવું સમજી ડ્રાઈવરે તરત જ ગાડીને બ્રેક લગાવી અને થોડીવાર પોતાના બળે દોડતી એ ગાડી તીણી ચીસ પાડતી ધીરે રહી અટકી ગઈ.

ગાડી થોભી જતા જ આસપાસમાં આવેલી ઝાડી પાછળ છુપાઈ રહેલા દસબાર યુવાનો પોતાના હાથમાં બંદૂક જેવું કોઈ હથિયાર લઈ બહાર નિકળી આવ્યા. જેમના મોંઢા કોઈ કપડાં કે રૂમાલ વડે ઢાંકેલા હતા. એ લોકોએ ત્યાં આવી પહોંચતા જ એક અવાજે ભારતમાતાનો જયજયકાર કર્યો. પછી જોરથી બુમ પાડી, ''વંદે માતરમ્.'' તેમાંના કેટલાક ગાર્ડના ડબ્બા પાસે જઈને ઉભા રહી ગયા. કેટલાક ફર્સ્ટ ક્લાસના ડબ્બા પાસે પહોંચી ગયા અને ગાર્ડના ડબ્બામાંથી ગાર્ડને નીચે ઉતાર્યો અને યુવાનોએ તેને ઘેરી લીધો. કપડાં વડે ઢાંકી રાખેલી બંદૂક બહાર કાઢી અને તેના નાળચાંને તેની પીઠ પર લગાવી દીધું. ગાર્ડ આ બધુ જોઈ અવાક જ બની ગયો. અર્થાત્ તે ડઘાઈ ગયો અને થરથર કાંપવા લાગ્યો. ભયના કારણે તેનું આખું શરીર પરસેવાથી રેબઝેબ બની ગયું. ગાર્ડને ઘેરીને ઉભેલાં યુવાનોએ જોરથી હાક મારી કે ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બેઠેલા તમામ પેસેંજરો નીચે ઉતરી આવે. અમો એ ડબ્બાને આગ લગાવી દેવાના છીએ. તેમણે તો આ હાક ડબ્બાની બહાર રહીને જ લગાવી હતી, પરંતુ તરત જ તમામ મુસાફરો ધડાધડ એક પછી એક ફર્સ્ટ ક્લાસના ડબ્બામાંથી નીચે ઉતરી આવ્યા. ગાર્ડને હુકમ કરી દેવામાં આવ્યો કે ફર્સ્ટક્લાસના ડબ્બાને બાકીની ગાડીના ડબ્બાઓથી અલગ કરી દેવામાં આવે. ગાર્ડ, ડ્રાઈવર અને ગાડી સાથે ચાલી રહેલ અન્ય કામદારોની મદદથી ફર્સ્ટ ક્લાસનો ડબ્બો અલગ કરાવી દીધો.

અત્યાર સુધી ખેતરોમાં છુપાઈ રહેલા ગામડાંના લોકો બહાર નિકળી આવ્યા. આ ટોળીમાં ત્રણ યુવાનો વધુ સક્રિય હતા. ગાડીમાં આગ લગાવવાના કામ માટે દૂર રહેલ બીજી ટોળીઓને પણ બોલાવી લેવામાં આવી. તેણે પોતાની જવાબદારી સંભાળી લીધી. તેમના હાથમાં કેરોસીન ભરેલો લોખંડનો એક ડબ્બો તથા બીજા હાથમાં લાકડાં, જૂનાં ગાભા જેવું કપડું પણ હતું. સૌ પ્રથમ ગાડીથી અલગ કરેલા ડબ્બા પર કેરોસીન છાંટવામાં આવ્યું, ત્યાર પછી તુરંત જ ડબ્બામાં ગાભા, સુક્કું ઘાસ અને જલદીથી સળગે તેવા લાકડાં પાથરી બહારથી તેને આગ લગાડી દેવામાં આવી. થોડીક જ મિનિટોમાં આખો ડબ્બો ભડકે બળવા લાગ્યો અને તેમાંથી નિકળતા ધુમાડાના ગોટેગોટા આકાશમાં

છવાઈ ગયા. ત્યારપછી શ્રીરામે તથા ગંગાસિંહે બીજી ટોળીના સભ્યોને ત્યાંથી તુરંત ભાગી છૂટવા ઈશારો કરી દીધો અને તેઓ પણ ત્યાંથી છુટાપડી આડાઅવળા થઈ ગયા.

ગાડીના પાટા ઉખાડી નાખવા તથા રેલ્વે વ્યવહાર ખોરવી નાખવા માટે આમ તો બીજી ટોળીઓની જરૂરિયાત પડતી, નહીંતો ત્રણ ચાર લોકો એકઠાં થઈ પોતાનું કામ કરતા રહેતાં. પેસેંજર ગાડીને ટુંડલા રેલ્વે સ્ટેશનની નજીકમાંજ આગ લગાડી દેવામાં આવી છે, આ સમાચારો તરત જ આગની જેમ ચારેબાજુ આવેલા ગામડાંઓમાં પ્રસરી ગયા. પોલીસે આ સમાચારો દબાવી દીધા. પરંતુ એ સમાચારોને દબાવી દેવાનું પરિણામ એ આવ્યું કે આ બનાવ જેટલો મોટો હતો એના કરતા અનેક ઘણાં વિકરાળ સ્વરૂપે આસપાસ આવેલા ગામડાઓમાં ફેલાઈ ગયો.

સરકારને અંત સુધી એ વાતની જાણ જ ન થઈ કે ગાડીને આગ લગાડવા પાછળ કઈ વ્યક્તિનો હાથ છે? પોલીસવાળાઓ આસપાસના ગામડાઓમાં પહોંચી જઈ ગામના લોકોને ખૂબ જ તંગ કર્યા. ત્રાસ વરતાવ્યો. છતાં પણ કોઈએ કંઈપણ ઉફ ન કર્યુ. પોલીસે કેટલાક લોકોને પકડી પકડી પૂછપરછ શરૂ કરી, ત્રાસ પણ આપ્યો, દંડ કર્યો, પરંતુ તેમના મોંઢામાંથી એક પણ શબ્દ સાચો બોલાવી ન શકાયો. એકંદરે એમ કહી શકાય કે પોલીસને તેમાં પૂરેપૂરી નિષ્ફળતા જ સાંપડી. ત્યારે પોલીસવાળાઓએ ગામડે ગામડે ભંગીને બોલાવી ઢોલ વગાડી ગામમાં સાદ કરાવ્યો કે જે કોઈને આ આગ લગાડનારા યુવાનો અંગે માહિતી હોય, તેમને સરકાર તરફથી ઈનામ આપવામાં આવશે. પરંતુ એને માટે કોઈપણ ગામમાંથી એકપણ વ્યક્તિ આગળ ન આવી. ગામડાંના વૃધ્ધોએ એવું કહ્યું કે કેટલાક યુવાનોએ અમારી પાસે આવી એવું જણાવ્યું હતું કે એક પેસેંજર ગાડી આવી રહી છે તેમાં કેટલાક ગુંડા બદમાશ લોકો સવાર થઈ ગયા છે અને અહીં આસપાસના ગામડાંઓમાં લૂંટ ચલાવવાના છે, ગામના લોકોએ તેમનો સામનો કરવાનો છે. ડબ્બામાં આગ લગાડવાની વાત તો તેમણે ગાડીને થોભાવ્યા પછી જ બતાવી હતી. ત્યારપછી એ અંગે અમોને કોઈ જ જાણ નથી, ન તો તેમનો કોઈ પત્તો મળ્યો છે.

ટુંડલાથી આવતી પેસેંજર ટ્રેનના ડબ્બાને સળગાવી દીધાના એક અઠવાડિયા પછી આગ્રા પાસે પણ એ જ રીતે ફિશપ્લેટ કાઢી નાખવામાં આવી હતી. ફિશપ્લેટ કાઢી નાખવાના કારણે ટ્રેનના બધા જ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા; જો કે રેલ્વે અકસ્માત થતો થતો બચી ગયો, કારણ કે એ દિવસોમાં આજના જેટલી ઝડપે ટ્રેનો દોડાવવામાં આવતી ન હતી. એ દિવસોમાં ટ્રેનની ઝડપ અત્યંત મંદ રહેતી. કદાચ જો ડબ્બાઓ પાટા પરથી ઉતરી જાય તો

પણ ગબડી પડતા ન હતા અને ન તો કોઈ જાનમાલની ખુવારી થતી. પાંચ પાંચ વાર રેલ્વેના પાટાઓ ઉખાડી નાખ્યા પછી શ્રીરામની ટોળીએ એક નવા જ પ્રકારની યોજના બનાવી. જેમાં ટેલીફોનના તાર કાપી ટેલીકોમ્યુનિકેશનની વ્યવસ્થા જ બંધ કરી દેવાનું બીડું ઉઠાવ્યું. આ કામ તેઓ ખૂબ જ સરળતાથી ચલાવતા રહ્યા. સાથે સાથે અન્ય યુવાનોને પણ આ કામ શિખવવા તેમને ટ્રેનિંગ પણ આપતા રહ્યા. પોતાના સાથીદારોને આ કામ માટે સમજાવતા શ્રીરામ પોતાના શબ્દોનું વારંવાર રટણ કરતા કે આપણાં કામથી કોઈ પણ સામાન્ય વ્યક્તિને તકલીફ ન થવી જોઈએ. આપણે તો માત્ર અંગ્રેજોના રાજને હંમેશાં માટે ઠપ કરી દેવા તોડફોડની આ પ્રક્રિયા અજમાવી રહ્યા છીએ.

૧૯૩૩ના એપ્રિલ મહિના પ્રથમ સપ્તાહમાં કલકત્તા શહેરમાં કોંગ્રેસનું અધિવેશન રાખવાનું સુનિશ્ચિત થયું. ગયા વર્ષે જ દિલ્હીમાં મળેલા અધિવેશનના સમયે જ અગામી અધિવેશન કલકત્તા શહેરમાં યોજવાનો નિર્ણય લેવાઈ ગયો હતો. આ અધિવેશન બાદ સમગ્ર દેશે ઉથલપાથલનો એક સમયગાળો જોયો હતો. આ સમયગાળાએ દેશના લોકોને સંગઠિત કરી દીધા હતા. મહાત્મા ગાંધીના ઉપવાસ, પુના પેકટ, મુસ્લિમ કોન્ફરન્સ, અનામત વગેરે મુદ્દાઓ આ વર્ષે જ તૈયાર કરવામાં આવ્યા હતા. આ મુદ્દાઓનો રાષ્ટ્રીય આંદોલન સાથે ગાઢ સંબંધ હતો. એ પેદા થવાના કારણે કલકત્તાના અધિવેશનનું મહત્ત્વ વધી ગયું. શ્રીરામે પોતાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓને થોડા સમય માટે સ્થગિત કરી લોકો વચ્ચે આવવા લાગ્યા. સભાઓ ભરવા, લોકસંપર્ક અભિયાન ચલાવવા અને આંદોલનમાં ભાગ લેવા માટે તાલીમ આપવા પર ભાર મુકવા લાગ્યા.

કોંગ્રેસના પ્રથમ હંગામી અધ્યક્ષ અણે સાહેબે પોતાના તરફથી એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે આગામી કલકત્તા શહેર ખાતે યોજવામાં આવનાર કોંગ્રેસના અધિવેશનના અધ્યક્ષસ્થાને મહામના મદનમોહન માલવીયાજી રહેશે. આ અધિવેશનમાં લાહોરના અધિવેશનના સમયે પસાર કરવામાં આવેલ પૂર્ણ સ્વરાજ્યના પ્રસ્તાવની ફરી પુષ્ટિ થવાની હતી અને કારોબારીની બેઠકે સવિનય કાનૂનભંગના સંકલ્પ પર પોતાની મહોર મારવાની હતી અને આ જ પ્રસંગે વિદેશી કાપડ અને બ્રિટિશ માલના બહિષ્કારનો કાર્યક્રમ પણ આપવાનો હતો. પરંતુ અત્યારે એ અંગે કોઈપણ પ્રકારની જાહેરાત કરવામાં આવી ન હતી. સંસ્થામાં ઉચ્ચ કક્ષાએ મનોમંથન ચાલી રહ્યું હતું. સરકારને તેની ગંધ આવી ગઈ. પાછલા નિર્ણયો અને તેની પર વ્યક્ત કરવામાં આવેલ પ્રતિક્રિયાથી પણ અનુમાન લગાવી શકાય તેમ હતું કે કલકત્તા શહેરના અધિવેશનમાં કેટલાક કડક પગલાં ઉઠાવવામાં આવશે. છતાં સરકાર પાસે પોતાનું ગુપ્તચર ખાતું હતું.

તેમાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે કોઈપણ પ્રકારે આ આયોજનને સફળ થવા દેવાનું નથી. ભલેને ગમે તેટલા લોકોની ધરપકડ કરવી પડે યા ભલેને ગમે તેવા કડક પગલાં ભરી અત્યાચાર, જુલ્મોનો દોર ચલાવવો પડે, તો ચલાવવો.

એની પ્રતિક્રિયા સ્વરૂપે યા પરિણામ સ્વરૂપે લોકોમાં જબરદસ્ત ઉત્સાહ ઉછળવા લાગ્યો, જબરદસ્ત જુસ્સો જાગી ગયો. અનેક નવા સભ્યો બનાવવામાં આવ્યા. શ્રીરામે પણ અધિવેશન પહેલાં એક હજાર નવા સભ્યો બનાવવા સંકલ્પ લીધો હતો. એ લક્ષ્યને પૂરૂ કરવા માટે એમની પાસે હજી બે મહિનાનો સમયગાળો હતો. તેઓ પોતાના ચાર મિત્રોની ટોળી બનાવી આ કામમાં લાગી ગયા. આ કોંગ્રેસના સભ્યો બનાવવા ઝુંબેશ ચાલી રહી હતી એ દરમ્યાન તેમને સુચના મળી કે કલકત્તાના કોંગ્રેસ અધિવેશનને સફળ બનાવવા સઘન પ્રયત્નો આદરવાના છે. આ પ્રસંગે વધુમાં વધુ લોકો એકઠા થાય એવું આપણું લક્ષ્ય હોવું જોઈએ. કોંગ્રેસના મોટા મોટા નેતાઓએ પોતાના તમામ કાર્યકર્તાઓને સ્પષ્ટ રીતે સમજાવી દીધું હતું કે સંભવી શકે કે લોકોને આ અધિવેશનમાં ભાગ લેતા સરકાર અટકાવી દે. રોકવા માટે ધરપકડ કરવામાં આવે પણ ખરી, ખોટા કિસ્સામાં સંડોવી જેલમાં બંધ પણ કરી દેવામાં આવે. યા એવો પ્રકોપ વરસાવવામાં આવે કે ઘર, ગામ છોડવું મુશ્કેલ બની જાય. આ બધા જ અવરોધોની કોઈપણ પરવા ન કરવી. પ્રતિનિધિઓને એવી રીતે તૈયાર કરવામાં આવે કે તેઓ આ અવરોધોની કોઈ જ પરવા ન કરે.

## અધિવેશનમાં ઉજવણી

શ્રીરામને બરોદા યજ્ઞનો સારો એવો અનુભવ હતો. તાજેતરમાં જ કરવામાં આવેલ ગોવર્ધન પર્વતની યાત્રાના સમયે થયેલા અનુભવો પણ ઉપયોગમાં લાવવાના હતા. એ અનુભવ કે જેમાં ભગવાન શ્રીકૃષ્ણ આતંક યા પ્રલોભનની તાકાતને માનવા બદલે તેને પડકાર ફેંકવાનો ઉપદેશ આપતા દેખાયા હતા. ગોવર્ધનની અનુભૂતિને તેમણે રૂપકની જેમ લીધી. સ્વેચ્છાચારી, સ્વચ્છંદી અને વિદેશી સરકારની સરખામણી ઈન્દ્રના સામ્રાજ્ય સાથે કરી. ધાર્મિક ગ્રંથોમાં આવતા પ્રસંગો દ્વારા આ આતંકની વિરુધ્ધમાં જે આત્મબળ હતું, તેનો આશ્રય લઈ ઉભા થઈ જવાની વાત સંભળાવવામાં આવી. યજ્ઞ યાગ વગેરે કર્મકાંડ તો કરવામાં આવ્યું જ નહીં. માત્ર લોકોના હાથમાં નાડાછડી બાંધી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી કે તેઓ અધિવેશનમાં ભાગ લેવા કોઈપણ પ્રકારની મુશ્કેલી વેઠીને પણ જરૂર આવે. આ આપણું વ્રત છે, તેનું સમાપન કલકત્તામાં જઈને થવાનું છે. શ્રીરામ દ્વારા અપનાવવામાં આવેલ આ પધ્ધતિએ બીજા અનેક લોકોને પણ પ્રેરિત કર્યા. તેમણે પણ ઠેરઠેર લોકોને કલકત્તા અધિવેશન ભાગ લેવાના સંકલ્પ રૂપે નાડાછડી બાંધવાનું કામ શરૂ કરી દીધું.

આ સમાચારો બ્રિટિશ ગોરી સરકારને સાંપડતા જ આખું ગુપ્તચર ખાતુ જાગૃત બની ગયું અને અન્ય સ્થળોની જેમ અહીં પણ આગ્રા જિલ્લામાં ક્રાંતિકારી ચળવળ ચલાવી રહેલા કોંગ્રેસી કાર્યકર્તાઓ કોણ કોણ છે, તેઓ ક્યાં રહે છે, તેમની પૂરેપૂરી માહિતી સાથે તેમના નામોની યાદી બનાવવામાં આવી. સાથે સાથે તેમની પ્રવૃત્તિઓ, વર્તમાન સ્થિતિ અને તેમનો પ્રભાવ કેટલો છે તેની વિગતો એકઠી કરી સમીક્ષા કરવામાં આવી. શ્રીરામ અંગેનો રિપોર્ટ માર્ટીન નામના એક પોલીસ ઇંસ્પેક્ટરે તૈયાર કર્યો હતો. એણે પોતાના રીપોર્ટમાં લખ્યું હતું કે ''આ વ્યક્તિ ખૂબ જ ખતરનાક સાબિત થઇ શકે તેમ છે. આમ તો એ કોંગ્રેસનો સામાન્ય કાર્યકર્તા છે. પરંતુ પાર્ટીના ઉચ્ચ હોદ્દેદારો સુધી તેની પહોંચ છે. તેની કામ કરવાની રીત ખૂબ જ અનોખી, અદ્‌ભુત છે.''

પચીસ ત્રીસ વર્ષના યુવાનોમાં ઉત્સાહ ખૂબ જ હોય છે, પરંતુ પરિપક્વ સૂઝબૂઝ હોતી નથી. જ્યારે શ્રીરામમાં આ બન્ને પ્રકારના ગુણો હતા. સંભવ છે, ત્યાં સુધી આ ગુણોના કારણે જ વરિષ્ઠ કોંગ્રેસી નેતા બાલકૃષ્ણ કેસકરે તેમને પોતાના સહયોગી બનાવ્યા હતા. સૈનિકના સંપાદક તથા પ્રકાશ કૃષ્ણદત્ત પાલીવાલને કેસકરજીએ પોતાના માટે કોઈ નિષ્ઠાવાન સ્વયંસેવક હોય તો બતાવવા કહ્યું હતું. પાલીવાલજીએ એની જવાબદારી શ્રીરામને સોંપી દીધી. શ્રીરામે બીજા કોઈનું નામ સૂચવવાના બદલે પોતાની જાતને જ તેમની સમક્ષ રજૂ કરી દીધી. કેસકર સાહેબે તેમને પોતાના માટે પસંદ કરી લીધા, પરંતુ પાલીવાલજીને એ ગમ્યું નહીં અને તેમણે શ્રીરામને કેસકરજી પાસે વધુ સમય ટકવા ન દીધા અને થોડા દિવસ પછી પોતાની પાસે બોલાવી લીધા.

માર્ટિનના રિપોર્ટમાં આ ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેણે એક અન્ય પ્રસંગ પણ પોતાના રિપોર્ટમાં જોડી દીધો હતો. ૧૯૩૧ના માર્ચ મહિનામાં 'ગાંધી-ઈરવિન કરાર' થયા હતા. આ કરારમાં કોંગ્રેસે વાઈસરોય લોર્ડ ઈરવિન પાસે સવિનય કાનૂનભંગ આંદોલન શરૂ કરવા અને ગોળમેજી પરિષદમાં ભાગ લેવાની સંમતિ માંગી. આ સંમતિના બદલે વાઈસરોયે આ દમનકારક કાયદો ઉઠાવી લેવા અને રાજકીય કેદીઓને છોડી દેવા વચન આપ્યું. આ સમજુતિમાં ખેડૂતો પર આડેધડ લગાવવામાં આવેલ મહેસૂલમાં સુધારો કરવાની શરત પણ રાખવામાં આવી હતી. સરકારે બિનજરૂરી મહેસૂલ માફ કરવા વચન આપ્યું હતું. તેને માટે આંકડા એકઠા કરવા જરૂરી હતા.

એ દિવસોમાં ઉત્તર પ્રદેશ કોંગ્રેસનું સંચાલન નૈનિતાલમાં રહેતા પંડિત ગોવિંદ વલ્લભ પંત કરી રહેલ હતા. આગ્રા જિલ્લાના આંકડા મળી રહ્યા ન હતા. કોંગ્રેસની મળેલી બેઠકમાં એ અંગે ચર્ચા ચાલી. ત્યારે જાણ થઈ કે ગામડે ગામડે ફરી ફરી પૂરેપૂરી માહિતી એકઠી કર્યા સિવાય બીજો કોઈ જ ઉપાય

નથી. તરત રાવતજીએ સૂચન કર્યું કે એ કામ શ્રીરામને સોંપી દેવામાં આવે. તેમને આ સમગ્ર જિલ્લાની પૂરેપૂરી જાણકારી છે. આ સૂચન બાદ કેટલાક નેતાઓએ પરસ્પર એકબીજાના મોંઢા સામે જોયું અને શ્રીરામ અંગે મંજૂરી માંગી. એ અંગે આ બેઠકમાં સૌ એકમત બન્યા કે શ્રીરામ આ કામ હાથ ધરવા માટે સહયોગી રૂપે ત્રણચાર કાર્યકર્તાઓ પોતાની સાથે રાખે અને તેમને કામનો આરંભ કરવા માટે કહેવામાં આવે. શ્રીરામ પણ એ સમયે આ બેઠકમાં ઉપસ્થિત હતા. તેઓ એક જ ધ્યાનથી બધી જ વાતચીત સાંભળી રહ્યા હતા. તેમણે તુરંત જ કામ હાથ ધરવા પોતાની સંમતિ દર્શાવી. એ કામ તેમને સોંપી દેવામાં આવ્યું.

એ જવાબદારીઓ તેમને સોંપવામાં આવતા જ તેઓ તરત ઉઠીને પાર્ટીના કાર્યાલયની બહાર આવી એક ઓટલા પર બેસી ગયા. આ અભિયાનમાં તેમને સાથ આપનારા અન્ય કાર્યકર્તાઓ પણ તેનું અનુકરણ કરતા તેમની પાછળ પાછળ ચાલી નિકળ્યા અને જ્યાં શ્રીરામ બેઠા હતા ત્યાં તેમની સામે આવીને ઉભા રહ્યા. પરસ્પર ચર્ચા કરી અને તેઓ જ્યાં રહેતા હતા એ ઘરમાંથી પ્રવાસ માટે બગલથેલો ઉઠાવ્યો અને પોતાની ઝુંબેશ શરૂ કરવા ગામડે ગામડે જવા ચાલી નિકળ્યા.

શ્રીરામ તથા તેમના તમામ સાથીદાર કાર્યકર્તાઓ માત્ર ચાર દિવસમાં આગ્રા જિલ્લાના એકસો અઠાવીસ ગામની જમીન, ખેડૂતનું નામ, તેમના ખેતરો, દરેક ખેતરનું ક્ષેત્રફળનું માપ અને મહેસૂલની રકમ કેટલી વગેરે સંપૂર્ણ વિગતો તૈયાર કરી દીધી. પરંતુ આ બધુ જ આટલી ત્વરાથી કેવી રીતે તૈયાર થઈ ગયું? શ્રીરામે કામનો આરંભ કરતાં, તેમના સાથીદારો સાથે મળી તાલુકાની કચેરી પર આવતા. ગામના મુખીઓ અને તલાટીઓનો સંપર્ક સાધી તમામ વિગતો એકઠી કરી લીધી હતી. લગભગ એંસી ટકા માહિતી તો આવી જ રીતે મળી ગઈ. બાકીની વિગતો એકઠી કરવા માટે તેઓ મોટા મોટા ગામડાંઓના મુખીઓ અને આગેવાનોને મળ્યા. તેમને દરેકને પોતાના વિસ્તારોના ખેડૂતો, તેમની આજની સ્થિતિ તથા મહેસૂલ અંગે પૂછપરછ કરી. ત્યારબાદ તેમણે એકઠી કરેલી માહિતીની ખાત્રી કરી લેવામાં આવી. તે સંપૂર્ણ સાચી લાગ્યા પછી બધી જ માહિતીનું સંકલન કરી રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને ત્યારબાદ જિલ્લા કલેક્ટરની કચેરી પર મોકલી આપવામાં આવ્યો અને તેની નકલ સંયુક્ત ઉત્તર પ્રદેશના કોંગ્રેસના પ્રમુખ પંડિત ગોવિંદવલ્લભ પર મોકલી આપવામાં આવી. પંતજીને એ સમયે સમગ્ર ઉત્તર પ્રદેશમાંથી મહેસૂલ સંબંધી જે રિપોર્ટો પ્રાપ્ત થયા હતા તેમાં આગ્રા જિલ્લાનો રિપોર્ટ મોખરે હતો. અર્થાત્ તે જ

સૌ પ્રથમ તૈયાર થઈ મળ્યો હતો. તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે આટલી ઝડપે, આટલી સંપૂર્ણ જાણકારી આખરે કેવી રીતે મળી ગઈ! તેમણે એ બધા જ સ્વયંસેવકોને પોતાના તરફથી શાબાશી આપવા સૂચન કરી દીધું, કે જેમણે આ બધી જ માહિતી આટલી જલદીથી એકત્ર કરી આપી હતી.

માર્ટિને પોતાની નોંધપોથીમાં શ્રીરામની કાર્યપદ્ધતિ નો ઉલ્લેખ કરતા એક બીજી વાતને પણ ટપકાવી હતી. તેમાં તેણે જણાવ્યું હતું કે માત્ર ચાર જ દિવસમાં આટલા વિશાળ વિસ્તારનો રિપોર્ટ તૈયાર કરવો અને કોંગ્રેસ પ્રમુખ સુધી પહોંચતો કરવો એ ખૂબ જ વિરલ અને વિકટ કામ છે. આ વાતની માહિતી જ્યારે ગાંધીજી સુધી પહોંચી ગઈ ત્યારે તેમણે એની ઉપર ટિપ્પણી કરી. આ દેશના દરેક જિલ્લામાં આ પ્રકારનો એક એક જાગૃત, સક્રિય કાર્યકર્તા જો હોય તો આઝાદીનું લક્ષ્ય હાથવેતમાં છે, અર્થાત્ તે દૂર નથી જલદીથી હાંસલ થઈ શકે તેમ છે. ત્યારબાદ નૈનીતાલ ખાતે મળેલા કોંગ્રેસ મહાસંમેલનમાં ગાંધીજીએ શ્રીરામને અલગ બોલાવ્યા અને તેમની કાર્યપદ્ધતિ અંગે પૂછપરછ કરી. તેમણે ત્યારબાદ મળેલી કાર્યકર્તાઓ માટેની બેઠકમાં શ્રીરામને વ્યક્તિગત શાબાશી આપી અને કહ્યું કે આ પ્રકારના કાર્યકર્તાઓ હોય તો આપણને લક્ષ્ય સુધી પહોંચતા દુનિયાની કોઈ પણ તાકાત રોકી ન શકે. આ પ્રસંગ સિવાય પણ માર્ટિને પોતાની ડાયરીમાં બીજી પણ એક વાત ટપકાવી હતી. તે લખે છે કે ''આમ તો શ્રીરામ સામાન્ય કાર્યકર્તા છે,પરંતુ બુધ્ધિમાં અને કાર્ય કરવાની શૈલીમાં ખૂબ જ તીક્ષ્ણ ચબરાક અને જાગૃત થનગનતો યુવાન છે.''

આગ્રા જિલ્લાના સરકારી અધિકારીઓએ આ નોંધને ખૂબ જ ગંભીરતાથી લીધી. તેઓ કલકત્તાના અધિવેશનની તૈયારીઓમાં જેવી રીતે સક્રિય બની કામ કરી રહ્યા હતા, એની ઉપર પણ સરકાર ગીધ દૃષ્ટિ રાખીને બેઠી હતી. તેણે અગાઉથી જ તાણાવાણા વણવાના શરૂ કરી દીધા કે કલકત્તાના અધિવેશનનો આરંભ થાય તે પહેલાં જ શ્રીરામને પકડી લેવામાં આવે. આમ પણ શ્રીરામની કામ કરવાની શૈલી એવી હતી કે તે કોઈપણ સરકારી અધિકારીની નજરે ચડી જાય અને એના આધારે જ તેમની ધરપકડ કરી શકાય. તો આ બાજુ શ્રીરામને સરકારની દાનતની ગંધ આવી ગઈ હતી. તેમણે ભૂગર્ભમાં ચાલ્યા જવાનો નિર્ણય કરી લીધો. કોંગ્રેસ કાર્યકર્તા માટેનો ગણવેશ પહેરવાનો છોડી માત્ર ધોતિયું અને ઝભ્ભો પહેરવા લાગ્યા. દાઢી વધારી લીધી અને તેને ખૂબ જ સારી રીતે ઘાટ આપી દીધો. જો કે એ પહેલાં તેઓ આછી પાતળી મૂછ તો રાખતા જ હતા. વધેલી દાઢી, અડધી બાંયવાળી બંડી અને માથા પર બાંધવામાં આવતા ફાળિયાથી તેઓ બિલકુલ ખેડૂત હોય એવા જ લાગતા.

તેઓ દાઢી વધે ત્યાં સુધી પોતાના ગામ આંબલખેડામાં જ કામ કરતા રહ્યા અને ત્યાં રહી કલકત્તાના અધિવેશન માટે બસો જેટલા સ્વયંસેવકો તૈયાર કરી દીધા. પછી આગ્રા, ટુંડલા, બાહસિરોલી વગેરે મોટા મોટા કસબાઓમાં લોકોનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધું. આ કામ પંદર વીસ દિવસથી વધુ ન ચાલ્યું. પોતાનો પહેરવેશ બદલીને તેઓ પોતાની જાતને માત્ર થોડા દિવસ સુધી જ છુપાવી શક્યા. તેમની કામ કરવાની શૈલીએ તેમને ખુલ્લા કરી દીધા અર્થાત્ પોલીસવાળાઓએ તેમને ઓળખી લીધા હતા. તેમણે આગ્રા શહેરમાં આવેલ ફ્રીગંજની જે ગલીમાં રહેવાનું રાખ્યું હતું, ત્યાં પોલીસ દ્વારા નજર રાખવાનું શરૂ કરી દેવામાં આવ્યું. આમ તો શ્રીરામ ત્યાં બહુ ઓછા આવતા જતા. કોઈ ખાસ કામ હોય તો જ ત્યાં પગ મુકતા. લોકોનો સંપર્ક કરતા કરતા જ્યાં પણ રાત પડી જાય ત્યાં નજીકમાં જ અથવા કોઈપણ કાર્યકર્તાના ઘર પર રાતવાસો કરી લેતા.

પહેરવેશ બદલી કામ કરતા તેમને પણ હવે શંકા થવા લાગી હતી કે પોલીસખાતુ તેમના મકાન પર નજર રાખી રહ્યું છે. પોતાની શંકા અંગે તપાસ કરવા તેમણે બીજા એક કાર્યકર્તાને પોતે જે ગલીમાં રહેતાં ત્યાં મોકલી આપ્યો અને તેના દ્વારા આસપાસમાં રહેતા આડોશીપાડોશીને પૂછી પૂરેપૂરી તપાસ કરી લેવામાં આવી. તેમની શંકા સાચી પડી. શ્રીરામે તરત જ નિર્ણય લઈ લીધો કે આગ્રા છોડી દેવામાં આવે. તો પ્રશ્ન એ પણ પેદા થયો કે હવે શું કરવું? એ અંગે પણ ત્વરાથી નિર્ણય લઈ લેવામાં આવ્યો કે કલકત્તા તરફ પ્રસ્થાન કરવું જોઈએ. પરંતુ આગ્રા કલકત્તા વચ્ચેનું અંતર ૧૩૦૦ માઈલ જેટલું હતું. રસ્તામાં પકડાઈ જવાનો પૂરેપૂરો ભય તો હતો જ, તો શું કરવું? તેનો એક જ ઉપાય છે કે વચ્ચે આવતા મોટા મોટા શહેરોમાં રોકાતા રોકાતા પ્રવાસ કરવો. આ દરેક મોટા સ્ટેશન પર થોડા દિવસ રોકાઈ ત્યાં રહેતા લોકોનો સંપર્ક કરવો, તેમને પૂરેપૂરી વિગતો આપવી. તેમના આગ્રા ખાતેના ઘર પર પોલીસ પહેરો બેઠેલો જોઈ તેમણે એક વખત પણ એ તરફ નજર ન કરી. તેઓ માર્ચ મહિનાના પ્રથમ અઠવાડિયામાં જ પોતાના બગલથેલામાં બે જોડી કપડાં, થોડાઘણાં વાંચવા માટેના પુસ્તકો, એક લોટો લીધો અને આગ્રાથી કલકત્તા તરફ જવા ચાલી નિકળ્યા. તેમણે કલકત્તા જતા કઈ તારીખે પ્રસ્થાન કર્યું હતું તેની કોઈ સાચી માહિતી સાંપડી નથી.

પરંતુ ગોરી સરકાર કોઈપણ પ્રકારે કલકત્તા ખાતેનું અધિવેશન ન થાય તે માટે કટિબધ્ધ હતી. તેણે સામ, દામ, દંડ અને ભેદ ચારે ઉપાયો અજમાવાના શરૂ કરી દીધા અને ઠેરઠેર લોકોની ધરપકડ શરૂ કરી દીધી. કલકત્તા શહેર જવા માટે જ્યાં જ્યાંથી ગાડીઓ ઉપડતી હતી, ત્યાં દરેક સ્ટેશન

પર પોલીસ પહેરો બેસાડી દેવામાં આવ્યો. કલકત્તાની આસપાસ બસો માઈલના ઘેરાવામાં આવતા તમામ રેલ્વે સ્ટેશનો પર કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો. દૂર દૂર આવેલ સ્ટેશનો પર પણ ખાદીધારીઓને પણ રોકી દેવામાં આવતા અને આ સ્ટેશનો પર દરેક વ્યક્તિની પૂરેપૂરી તપાસ કરવામાં આવતી હતી. નૈહારી, રાણાઘાટ, દુર્ગાપુર, આસનસોલ, આરા, ઘાટશિલા, હલદિયા અને ખડગપુર સ્ટેશનો પર કડક ચોકી પહેરો ગોઠવી તેને અભેદ કિલ્લા જેવા બનાવી દીધા હતા, કે જેથી એક ચકલું પણ ત્યાંથી ફરકી શકે તેમ ન હતું. માર્ચના છેલ્લા અઠવાડિયા સુધી અહીં આ સ્ટેશનો પર એવી સ્થિતિ બની ગઈ હતી કે ભૂલથી પણ કોઈ કોઈના મોંઢામાંથી સ્વરાજનું કે ગાંધીજી નામ પણ નિકળી જાય તો તેને માટે આગળ વધવું મુશ્કેલ હતું. પોલીસ કરતાં ગોરી સરકારના નાગરિકોના ગણવેશમાં ફરતા ગુપ્તચરો વધુ સક્રિય હતા. તેમના કાન સાથે કોઈના મોંઢામાંથી અધિવેશન અંગે યા કોંગ્રેસ સાથે સંબંધ ધરાવતો એક પણ શબ્દ અથડાય તો તુરંત જ એ તમામ વિગતો સમજી લો કે પોલીસ સુધી પહોંચી જ ગઈ. સ્ટેશન પર કે સ્ટેશનની બહાર કોઈની પણ સાથે ચડસાચડસી કે હુંસીતુંસી થઈ, તો તેનું તો આવી જ બન્યું. તેને તરત જ પોલીસ પકડીને ત્યાં બેસાડી દેતી.

કલકત્તાના અધિવેશનમાં જ્યાં એક બાજુ મહામના માલવીયાજીને પ્રમુખ પદ ગ્રહણ કરવાનું હતું. તો બીજી બાજુ તેમની થોડાક દિવસમાં જ ધરપકડ થવાની હતી એ પણ નક્કી જ હતું. તેઓએ નક્કી કરાયેલ સમય અનુસાર વારાણસીથી કલકત્તા જવા પ્રસ્થાન કર્યું. તેમને કલકત્તા આવતા અધવચ્ચે આસનસોલ રેલ્વે સ્ટેશન પર પોલીસે પકડી લીધા. ત્યારબાદ આ જ રેલ્વે સ્ટેશન પર જૂદા જૂદા દિવસોમાં સ્વરૂપા રાણી (પંડિત જવાહરલાલ નહેરુના માતુશ્રી), ડૉ.સૈયદ મહમૂદ, રફી એહમદ કિડવાઈ અને અણ્ણે સાહેબ હજારે જેવા લબ્ધપ્રતિષ્ઠિત નેતાઓની પણ ધરપકડ કરવામાં આવી.

એપ્રિલની બીજી તારીખે શ્રીરામ અને તેમની સાથે સ્વરાજ આંદોલનમાં ભાગ લઈ રહેલા અન્ય કોંગ્રેસી કાર્યકર્તાઓનો એક મોટો કાફલો આસનસોલ રેલ્વે સ્ટેશન પર આવી પહોંચ્યો. આગ્રાથી ફરજ બજાવવા આવેલ અનંતરામ નામનો એક પોલીસ ઈંસ્પેકટર અહીં રેલ્વે સ્ટેશન પર હાજર જ હતો. જગન પ્રસાદ રાવત તેને જોતા જ ઓળખી ગયા. તરત જ તેમણે શ્રીરામને સાવધાન કરી દીધા અને બોલ્યા-''જલદી કર દોસ્ત આપણાને ઓળખી લેવામાં આવ્યા છે.'' તેઓ હજી તો ત્યાંથી ભાગી છૂટવાની તૈયારીમાં જ હતા ત્યાં અનંતરામ પોતાના હાથમાં રહેલો નેતરનો ડંડો જમીન પર ખખડાવતો ખખડાવતો ત્યાં આવી ચડ્યો. તેની સાથે ચાર પાંચ બીજા પણ પોલીસવાળા હતા. તેના ગળામાં

લટકી રહેલ સીટી મોંઢામાં દબાવતા જ જોરથી ગાજી ઉઠી. એની સાથે જ પોલીસવાળાઓએ દોડાદોડી કરી મુકી. આ સમયે ત્યાં હાજર રહેલાં બધા જ પોલીસવાળાઓ સાવધાન બની ગયા. હવે શ્રીરામ તથા જગનપ્રસાદ રાવત અને અન્ય કાર્યકર્તાઓ માટે ત્યાંથી ભાગી છુટવું મુશ્કેલ હતું. પરંતુ શ્રીરામે અને તેમની સાથે આવેલાઓએ ત્યાંથી નાસી છૂટવા જરા જેટલો પણ પ્રયત્ન ન કર્યો.

## માલવીયાજીની શિખામણ

પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ દરેક કોંગ્રેસ કાર્યકર્તાઓને જેલમાં ન મોકલતા એક મોટા વાડામાં બંધ કરી દેવામાં આવ્યા. આ વાડો આસનસોલના કોઈ મોટા જમીનદારનો હતો, ત્યાં તે ગાય બળદ જેવા ઢોરને બાંધતો. સરકારે તેનો જેલની જેમ ઉપયોગ કરવા ઢોર બીજે ખસેડી ખાલી કરાવી લીધો. અને ત્યાં તંબુ તાણી હંગામી ધોરણે નાના મોટી ઓરડીઓ બનાવી લઈ તેને રહેવા લાયક બનાવી દીધી. આ વાડામાં મહાત્મા ગાંધીના પુત્ર દેવદાસ ગાંધી, રફી એહમદ કિડવઈ, કનૈયાલાલ ખાદીવાળા, રવિશંકર શુક્લ, શ્રીમન્નારાયણ વગેરે નેતાઓને રાખવામાં આવ્યા. મહામના માલવીયાજી, સ્વરૂપારાણી નહેરુ અને ડૉ. અહમદને નજીકમાં પરંતુ એક જ જગ્યાએ રાખવામાં આવ્યા. તેનો ઉદ્દેશ માત્ર આ અધિવેશનને નિષ્ફળ બનાવવાનો હતો. પરંતુ તે નિષ્ફળ તો ન જ ગયું, જરૂર યોજવામાં આવ્યું અને એવુ પણ બન્યું કે ત્યાં પ્રતિનિધિઓ બહોળા પ્રમાણમાં પહોંચી ન શક્યા.

માલવીયાજીની ધરપકડ કરી લેવામાં આવ્યા બાદ, તેમના બદલે આ અધિવેશનનું પ્રમુખ સ્થાન શ્રીમતી નેલીસેન ગુપ્તાએ લીધું. માલવીયાજી દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રમુખ રૂપેનું ભાષણ તેમણે જાતે વાંચી સંભળાવ્યું. તેમાં મહાત્મા ગાંધીજીને તેમના ઉપવાસની સફળતા માટે ધન્યવાદ પાઠવવામાં આવ્યા. તેમાં લાહોર કોંગ્રેસનો પૂર્ણ સ્વરાજનો સંકલ્પ, બ્રિટનના માલની હોળી અથવા બહિષ્કાર અને અંગ્રેજ સરકાર દ્વારા બનાવવામાં આવેલ બંધારણને નહીં માનવાના પ્રસ્તાવનો ઉલ્લેખ હતો. એ નહીં કહેવું પડે કે આ તમામ ઠરાવનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવેલ હતો. તેમાંથી એક પ્રસ્તાવ મુઠ્ઠી મુઠ્ઠી ફંડ, મુઠ્ઠી મુઠ્ઠી અનાજ માટેનો પણ હતો. તેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે દરેક કાર્યકર્તા અને આ આંદોલન પ્રત્યે સહાનુભૂતિ દાખવનાર દરેક ભારતવાસી દરરોજ આ આંદોલન ચલાવવા માટે એક મુઠ્ઠી અનાજ દાનમાં આપે અને એને વેચી તેમાંથી મળનારી રકમ કોંગ્રેસના કાર્યાલયમાં આવી જમા કરાવી દે. આ ઠરાવ પણ સર્વસંમતિથી પસાર થઈ ગયો. નેલીસેન ગુપ્તાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે અંગ્રેજ સરકારે પાછલા પંદર મહિનામાં દોઢ લાખ ઉપરાંત લોકોની

ધરપકડ કરી છે અને આ અધિવેશનને નિષ્ફળ બનાવવા વીસ હજાર લોકોની ધરપકડ કરી છે. અંગ્રેજ સરકાર એ વાત સારી રીતે જાણતી હતી અને તેને સારી રીતે અનુભવ પણ થઈ ગયો હતો કે આવી ધરપકડ કરવાથી કે જોર જુલમ ગુજારવાથી, અત્યાચાર આચરવાથી લોકોની ભાવનાઓ દબાવી ન શકાય. ન તો પોતાની વાત કહેતા કોઈને અટકાવી શકાય.

સરકારે અધિવેશનનું સમાપન થતા જ તુરંત જ ધરપકડ કરવામાં આવેલ દરેક પ્રતિનિધિને એક પછી એક છોડવાનું શરૂ કરી દીધું, પરંતુ એકલા નેલીસેન ગુપ્તાની ધરપકડ કરી લઈ જેલમાં પૂરી દેવામાં આવ્યા. ત્યારબાદ તેમને છ માસની સજા ફટકારવામાં આવી. પરંતુ અગ્રગણ્ય નેતાઓએ વચ્ચે પડી તેમને છોડાવી લીધા અને બીજા લોકોને જેલમાં બંધ જ રાખવામાં આવ્યા. આસનસોલ જેલમાંથી છૂટ્યાના બે ત્રણ દિવસ પછી માલવીયાજી જમીનદારના વાડામાં આવ્યા ત્યાં હજી પણ સેંકડો પ્રતિનિધિઓને બંધ કરી રાખવામાં આવ્યા હતા. તેઓ દરેક કાર્યકર્તાઓને અલગ અલગ મળ્યા. શ્રીરામનો જ્યારે વારો આવ્યો ત્યારે તેમને માલવીયાજીને બતાવ્યું કે તેઓ જ્યારે બાલ્યાવસ્થામાં હતા ત્યારે તેમની પાસેથી જ યજ્ઞોપવિત ધારણ કરી હતી અને તેમના પિતાશ્રીનું નામ પંડિત રૂપકિશોર..... આ વાક્ય હજી તો પૂરું થાય તે પહેલાં જ માલવીયાજી બોલી ઉઠ્યા અરે! એતો મારા એકદમ નજીકના અંગત મિત્ર હતા અને અમો બન્ને એકી સાથે ભાગવતની કથા પણ કરી ચુક્યા છીએ. તેમણે હિન્દુ વિશ્વવિદ્યાલય માટે પોતાના વિસ્તારમાંથી સારી એવી આર્થિક મદદ અપાવી હતી.

આ સંદર્ભોનો ઉલ્લેખ કર્યા પછી તેમણે શ્રીરામને પૂછયું કે તેમણે ક્યાં સુધી શિક્ષણ લીધું છે, તો શ્રીરામે જવાબ આપ્યો કે ગામની શાળામાં અને પિતાજીના સાન્નિધ્યમાં રહી જે કંઈ અધ્યયન કરી શકાય અને શિક્ષણ મેળવી શકાય તે બધુ જ પ્રાપ્ત કરી લીધું છે અને ત્યારપછીનું શિક્ષણ હવે આંદોલનની શાળામાં ચાલી રહ્યું.

આ શબ્દો સાંભળી માલવીયાજી હળવેથી હોઠમાં હસ્યા અને તેમણે શ્રીરામને નજીક બોલાવી પીઠ થાબડી અને કહ્યું કે હું આવતી કાલે પણ અહીં આવીશ. તારી સાથે ઘણી બધી વાતો કરવાની છે અને તને ઘણાં બધા કામ પણ સોંપવાની મારી ઈચ્છા છે. ત્યારબાદ તેઓ પોતાના કામકાજમાં એટલા બધા ડૂબી રહેતા કે તેમની શ્રીરામ સાથે વાતચીત કરવાની ઈચ્છા કેમે કરી પૂરી ન જ થઈ. પરંતુ તેમણે જતા જતા એક સૂચન તો અવશ્ય કર્યું કે આટલે સુધી આવ્યો છે તો તું ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનને જોવા જરૂર જજે. ત્યાં લગાવવામાં આવેલો સમય તારા કામને નવી જ દિશા ચિંધશે.

પછી થોડીવાર થોભી જઈ જાતે જ કહ્યું, કે શાંતિનિકેતન દરેક વ્યક્તિએ જોવું જ જોઈએ. આ સ્થળનો પ્રવાસ કર્યા વગર ભારતને ન સમજી શકાય.

અધિવેશનમાં ભાગ લેવા આવેલા અને જેલમાં બંધ કરી દેવામાં આવેલા સાત હજાર પ્રતિનિધિઓમાંથી લગભગ ચારસો મોટા મોટા કાર્યકર્તાઓને જેલમાં જ રોકી દેવામાં આવ્યા. સરકારની એમની ઉપર રાજદ્રોહના આરોપ હેઠળ કેસ ચલાવવાની યોજના હતી. કારણ કે આ બધા જ પ્રતિનિધિઓને ખૂબ જ આગળ પડતા અને સક્રિય કાર્યકર્તાઓ રૂપે ઓળખવામાં આવ્યા હતા. તેમાંના એક શ્રીરામ પણ હતા. તેમને બધાને જ આસનસોલની મુખ્ય જેલમાં ખસેડવામાં આવ્યા. વિસ્મયજનક વાત તો એ હતી કે તેમની સાથેના જગનપ્રસાદ રાવત તથા અન્ય કાર્યકર્તાઓને છોડી દેવામાં આવ્યા. જગનપ્રસાદજીએ શ્રીરામને હજી સુધી અટકાયતમાં રાખ્યા હોવાની વાત પાલીવાલજી સુધી પહોંચાડી દીધી. ત્યાંથી મોટા મોટા અધિકારીઓ અને નેતાઓ સુધી સમાચારો પહોંચાડવામાં આવ્યા અને શ્રીરામને બે અઠવાડિયા સુધી જેલમાં વધુ રહેવું પડ્યું.

જેલમાંથી છૂટતા જ શ્રીરામ શાંતિનિકેતન જવા આકુળવ્યાકુળ બની ગયા. આસનસોલથી તે લગભગ બસો કિલોમીટર દૂર આવેલ હતું. તેમણે જેલરને જ પૂછી જોયું કે કલકત્તા જવું હોય તો કયો રસ્તો પકડવો જોઈએ? કઈ ગાડી પકડવી જોઈએ? આ શબ્દો સાંભળી જેલરના મોંઢા પર કટાક્ષનો ભાવ દેખાયો. એ બોલ્યો, ત્યાં કંઈપણ નથી. તમામ ખેલ સમાપ્ત થઈ ગયો છે. હવે તો જેલમાંથી પોતાનું ભથ્થું (ભાડું) લઈ લો અને પોતાના ઘરે પાછા જાવ. જેલરે તેમના હાથમાં આઠ રૂપિયા પકડાવી દીધા અને ખી....ખી....કરી લુચ્ચું હસ્યો.